# ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ

૩૭

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

સંશોધન ગ્રંથમાળા : ગ્રંથાંક ૩૭
શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

# ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ

સંપાદિકા :
કુ. શાર્લોટે ક્રાઉઝે, પીએચ.ડી.
(કુ. સુભદ્રાદેવી)
ભારતીય સાહિત્યવિશારદા

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

પ્રકાશક: રસિકલાલ છોટાલાલ પરીખ, અધ્યક્ષ, શેઠ ભોળાભાઈ
જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ

પ્રથમ સંસ્કરણ * * વિ. સં. ૨૦૦૭
પ્રત ૫૦૦ * ઈ. સ. ૧૯૫૧

કી. ત્રણ રૂપિયા

મુદ્રક: બચુભાઈ પો. રાવત. કુમાર પ્રિન્ટરી. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ

# નિવેદન

ભો. જે. **અધ્યયન-સંશોધન વિદ્યાભવન**ની પ્રવૃત્તિનાં મુખ્ય બે અંગ છે: એક અધ્યાપન અને બીજું અધ્યયન-સંશોધન. આ બીજા અંગનાં પરિણામ પ્રકટ કરવા યોગ્ય થતાં લેખો દ્વારા કે નાનામોટા ગ્રંથો દ્વારા પ્રકટ કરવાની યોજના રાખવામાં આવી છે. આ યોજનામાં **મુંબઇ** સરકારે ૧૯૩૯ના માર્ચમાં મંજૂર કરેલી યોજનાનો પણ સમાવેશ થાય છે. એમાં સૂચવાયેલા વિષયોમાં **"ભાષા અને સાહિત્ય"** મથાળા નીચે જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન કરાવવાની સૂચના પણ છે એ અન્વયે આ **"ત્રણ પ્રાચીન ગુજરાતી કૃતિઓ"** નામનો સંગ્રહગ્રંથ પ્રસ્તાવના-ટીકા-ટિપ્પણાદિકથી પરિષ્કૃત કરી જૂની ગુજરાતી ભાષા તેમજ જૈન સાહિત્યનાં અભ્યાસી અને સંશોધક ડૉ. કુ. **શાર્લોટે ક્રાઉઝે** ઉર્ફે શ્રીમતી **સુભદ્રાદેવી**એ સંપાદિત કરી આપ્યો છે તે પ્રસિદ્ધ કરવામાં આવે છે. શ્રીમતી ડૉ. ક્રાઉઝેના આ સંપાદન-કાર્ય માટે વિદ્યાભવન એમનું આભારી છે.

ગુજરાત વિદ્યાસભા,
**અમદાવાદ**
તા. ૭-૭-'૫૧

**રસિકલાલ છો. પરીખ**
અધ્યક્ષ
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન

## અનુક્રમણિકા


**આમુખ** . . . . . . . . . . **૫-૯**

**પ્રસ્તાવના** . . . . . . . . . **૧૦-૨૬**

૧ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ છંદ . . . . . ૧૧

૨ ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા . . . . . ૨૩

૩ વૃદ્ધચૈત્યવન્દન . . . . . . . ૨૫

**આ ગ્રન્થમાં ઉલ્લિખિત સાહિત્યની સૂચિ** . . . **૨૯-૩૦**

**સંકેતોની સૂચિ** . . . . . . . . **૩૧-૩૨**

**(૧) મૂલ ગ્રન્થો** **૧-૨૬**

૧ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ છંદ . . . . . ૩

૨ ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા . . . . . ૨૦

૩ વૃદ્ધચૈત્યવન્દન . . . . . . . ૨૫

**(૨) ટિપ્પણી** **૨૭-૪૦**

૧ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ છંદ . . . . . ૨૭

૨ ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા . . . . . ૩૯

૩ વૃદ્ધચૈત્યવન્દન . . . . . . . ૪૦

**(૩) પાઠાન્તરોની સૂચિ** **૪૧-૪૮**

૧ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ છંદ . . . . . ૪૧

૨ ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા . . . . . ૪૭

૩ વૃદ્ધચૈત્યવન્દન . . . . . . . ૪૮

**(૪) સ્થાનો અને બિંબોની સૂચિ** . . . . **૪૯-૮૦**

# આમુખ

સન ૧૯૨૬ના એપ્રિલ મહિનામાં શિવપુરીના અમારા **'સંસ્કૃત મહાવિદ્યાલય'**માં એક જર્મન કુમારીએ પ્રવેશ કર્યો. કોણ જાણતું હતું કે આ બહેન સાત વર્ષ સુધી અમારા આશ્રમમાં રહી જૈન આગમ, યોગશાસ્ત્ર, જૈન ન્યાય, જૂની નવી ગુજરાતી તેમજ હિન્દી ભાષાનો અભ્યાસ કરી 'ભારતીય સાહિત્યવિશારદા' બનશે? કોણ જાણતું હતું કે આ કુમારી બહેન 'ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિનાં ઉપાસિકા બનશે? કોણ જાણતું હતું કે જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરવા સાથે જૈન ધર્મના આચાર વિચારો અને નિયમોનું પણ પાલન કરશે? કોણ જાણતું હતું કે ગ્વાલિયર રાજ્યના શિક્ષણ વિભાગનાં 'ડિપ્યુટી ઈન્સ્પેકટર જનરલ' બની શિક્ષિકા નિરીક્ષિકા અને પરીક્ષિકા થઇ આખા રાજ્યની છોકરીઓનું જીવનઘડતર કરવામાં એક ઊંચા શિલ્પકાર તરીકે પોતાનું જીવન વ્યતીત કરશે? અને કોણ જાણતું હતું કે જર્મનીમાં ઉત્પન્ન થવા છતાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઊંડો અભ્યાસ કરી ગુજરાતી જૂના સાહિત્યના ઉદ્ધારમાં પોતાના જ્ઞાનનો કીમતી ફાળો આપશે?

સ્વ. ગુરુદેવ શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજની ઉદાર ભાવનાના પરિણામે યુરોપ અને અમેરિકાના જે જે સંસ્કૃતજ્ઞ વિદ્વાનો—જેવા કે, **જર્મનીના** વેબર, યાકોબી, હર્ટલ, અલ્સડોર્ફ, ગ્લાઝનપ, લોયમન, શુબ્રીંગ અને હુલ્શ; **ઈટાલીના** એલોની ફીલીપી અને ટેસીટોરી; **ફ્રાન્સના** સિલ્વન લેવી અને ગેરીનો; **અમેરિકાનાં** કુમારી જોન્સન, અને બ્રાઉન; **ઈંગ્લૅન્ડના** એજર્ટન, એફ. ડબલ્યૂ. ટોમસ, સર ગ્રિયર્સન, સર સ્ટાઈન, બાર્નેટ અને હોર્નલે; **નોર્વેના** સ્ટેનકોનો અને શર્પેન્ટીયે; રૂસના ત્સર્વાત્સ્કી વગેરેએ ભારતીય સાહિત્ય અને ખાસ કરીને જૈન સાહિત્યના અભ્યાસમાં જે વિકાસ સાધ્યો છે, ગુરુદેવની સહાયતા પ્રાપ્ત કરી છે, અને જેઓ ગુરુદેવ પ્રત્યે ગુરુબુદ્ધિ ધરાવે છે, તેઓમાં **ડૉ. શાર્લોટે ક્રાઉઝે**નું નામ પણ ઉમેરવું જોઇએ, એટલું જ નહિ પરન્તુ હવે તો તેઓ બાવીસ-ત્રેવીશ વર્ષથી ભારતનાં નિવાસી બની ઉપર કહેવામાં આવ્યું છે તેમ, ભારતીય સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને જૈન સાહિત્ય, તેમજ જૂની અને નવી ગુજરાતીનાં પરમ ઉપાસિકા બન્યાં છે. એટલે તેઓનું નામ ઉપરના બધા વિદ્વાનોમાં સૌથી મોખરે લઇએ તો તે અસ્થાને નહિ ગણાય. લગભગ સાત વર્ષ સુધી આ કુમારિકા બહેને શિવપુરીના અમારા સંસ્કૃત મહાવિદ્યા-

લયમાં અભ્યાસ કરી સન ૧૯૩૨માં ગ્વાલિયર રાજ્યના શિક્ષણ વિભાગમાં નોકરી સ્વીકારી હતી. આજે તેઓ આખા ગ્વાલિયરની સમસ્ત સરકારી કન્યાશાળાઓનાં **ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ** જેવો મોટો હોદ્દો ભોગવી રહ્યાં છે. તેમની સાહિત્યસેવામાં **'નાસકેતરી કથા'**નું સંપાદન, 'અઘટકુમાર કથા' અને 'અંબડ ચરિત્ર' એ બે સંસ્કૃત ગ્રન્થોનો અનુવાદ, **'જૈન નીતિ'; 'ભારતીય તત્ત્વજ્ઞાન'** અને 'અંતિમ અર્હત્‌નો વારસ' આ ત્રણ **મદ્રાસ**માં આપેલાં ભાષણો, **'હું મારા આશ્રમમાં', 'મુંડકોપનિષદ અને જૈનધર્મ', 'ભારતીય ભાષાઓમાં અગ્નિનું સ્થાન', 'કલ્પસૂત્રમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ', 'યુનાની તત્ત્વજ્ઞાનમાં પુનર્જન્મ અને શાકાહાર'** (પાયથેગોરસ), **'પુત્રજન્મની ખુશાલી-કલ્પસૂત્રને અનુસારે', 'જૈનોના ઉત્સવોની વિશેષતા', 'મારા ગુરુઓ', 'આર્ય ભારતીય તથા ઈરાની ભાષાઓનો ઇતિહાસ', 'જૈન સાહિત્ય અને મહાકાલમંદિર', 'વિક્રમાદિત્ય અને સિદ્ધસેન દિવાકર' 'કેટલાંક અજ્ઞાત પ્રાચીન જૈન સ્તોત્રો', 'જંગલમાં મંગલ'** ઇત્યાદિ વિષયો ઉપર અંગ્રેજી ગુજરાતી અને હિન્દીમાં લખેલા શોધખોળપૂર્ણ સંખ્યાબંધ નિબંધો વગેરે મુખ્ય છે. આ બધું જોનાર કોઈપણ વિદ્વાન કહી શકે કે જર્મનીમાં જન્મવા છતાં, આ કુમારી બહેનનો જન્મ ભારતની ભાષાઓ, ભારતના સાહિત્ય, અને શ્રમણ સંસ્કૃતિ માટે જ થયો હતો.

પ્રસ્તુત પુસ્તક, કે જેના સંબન્ધી આમુખરૂપે મને બે બોલ લખવાનો અવસર મળ્યો છે, તે બહેન **શાર્લોટે ક્રાઉઝે,** કે જેઓને જાણનારા અને ઓળખનારા 'સુભદ્રાદેવી'ના નામે જ જાણે છે અને ઓળખે છે, તે, તેમના હાથે સંપાદન થઈ રહ્યું છે.

દેશ સમાજ કે કોઈપણ ધર્મના ઇતિહાસના આલેખનમાં ગ્રન્થોની પ્રશસ્તિઓ, નાના-મોટા શિલાલેખો, ઐતિહાસિક રાસાઓ, તામ્રપત્રો અને દાનપત્રો, સિક્કાઓ, ધાતુની મૂર્તિઓ ઉપરના લેખો તેમજ તીર્થમાળાઓ વગેરે સાધનો મુખ્ય છે. નિષ્પક્ષપાતી ઇતિહાસપ્રેમી સાક્ષરોએ હવે તો એ ડંકાની ચોટ ઉપર જાહેર કર્યું છે કે ગુજરાતી ભાષાના જ નહિ ભારતવર્ષના ઇતિહાસને ઉપયોગી થઈ શકે એવાં પ્રાચીન સાધનોનું સંરક્ષણ જેટલું જૈનોએ કર્યું છે, બીજા શબ્દોમાં કહીએ તો, એવાં સાધનો જેટલાં જૈનોનાં સંરક્ષણમાંથી પ્રાપ્ત થાય છે, તેટલાં બીજાં ક્યાંયથી પણ નથી પ્રાપ્ત થતાં અને તે સાધનોના સંરક્ષણનો સર્વ યશ પ્રાચીન સમયના જૈન સાધુઓને ફાળે જાય છે.

સમયના પરિવર્તનની સાથે ધાર્મિક મતાગ્રહો, સામ્પ્રદાયિક ભાવનાઓ,

અને મારા-તારાપણાની સંકુચિતતાઓ હવે તો ઓસરતી જાય છે. અને તેનું જ એ પરિણામ છે કે આજ યુરોપ કે અમેરિકા, ગુજરાત કે સૌરાષ્ટ્ર, અંગ કે બંગ, પંજાબ કે સિન્ધ–નો કોઈ પણ સાચો ઇતિહાસ નિષ્પક્ષપાતથી સત્યતાનો સ્વીકાર કર્યા સિવાય રહી શકતો નથી.

ઇતિહાસનાં સાધનોમાં **તીર્થમાળાઓને** પણ મેં ઉપર એક સાધન તરીકે બતાવી છે. અત્યારનાં યાન્ત્રિક સાધનો જે વખતે નહીં હતાં, તે વખતે પણ દૂર દૂરનાં તીર્થોની યાત્રા કરવા માટે મોટા મોટા સંઘો નીકળતા--જેમાં–સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ રહેતાં. વિદ્વાન સાધુઓ ગામ ગામની હકીકતો મેળવતા, મન્દિરો અને મૂર્તિઓની સંખ્યા લખતા, તે તે દેશોનાં રીત-રિવાજો, ખાન-પાન, રહેણી, કરણી, તેમજ પ્રચલિત લોકોક્તિઓ વગેરેની પણ નોંધો કરતા અને તે ઉપરથી પદ્યમાં તીર્થમાળાઓની રચના કરતા. આવી તીર્થમાળાઓ તે વખતના પ્રામાણિક ઇતિહાસને પૂરો પાડવામાં વધારે સાધનભૂત બને છે.

આવી તીર્થમાળાઓનો એક સંગ્રહ સ્વ. ગુરુદેવ **શ્રીવિજયધર્મસૂરિજી મહારાજે** સંવત્ ૧૯૭૮માં સંપાદન કર્યો હતો અને તે **શ્રી યશોવિજય જૈનગ્રન્થમાળા** મારફત પ્રકાશિત કરવામાં આવ્યો હતો. ઘણાં વર્ષો પછી આજે તેના અનુસન્ધાન રૂપે પ્રસ્તુત ગ્રંથ તૈયાર થયો છે અને તે પણ એક જર્મન વિદુષી કુમારિકાએ સંપાદિત કરેલો.

આ પુસ્તકમાં **બહેન સુભદ્રાદેવીએ** ત્રણ મૂળ ગ્રન્થોનું સપાદન કર્યું છે:

૧–ભાનુમેરુના શિષ્ય શ્રીનયસુન્દર મહાકવિકૃત–
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

૨–શ્રીપ્રેમવિજયજી કૃત ૩૬૫ પાર્શ્વનામમાળા

૩–શ્રીખેમાકૃત વૃદ્ધચૈત્યવન્દન.

સામાન્ય રીતે આ ત્રણે કૃતિઓ ઉપલક દૃષ્ટિએ જોનારને સાધારણ લાગે; પરન્તુ સાહિત્યની દૃષ્ટિએ, પ્રાચીનતાની દૃષ્ટિએ, ભાષા-શાસ્ત્રની દૃષ્ટિએ આ કૃતિઓ કેટલી ઉપયોગી છે અને ભાષાસાહિત્યના ઇતિહાસકારોને તેમજ તત્કાલીન પાર્શ્વનાથનાં મન્દિરોની માહિતી મેળવવા ઇચ્છનારાઓ માટે કેટલી મહત્ત્વની છે, એ **બહેન સુભદ્રાદેવીએ** સંપાદન-કળાની આદર્શ પદ્ધતિપૂર્વક કરેલા આ સંપાદનકાર્ય ઉપરથી સહેજે સમજી શકાશે. ઘણી વખત ઘણી વસ્તુઓને મામૂલી સમજીને આપણે ફેંકી દઇએ છીએ અથવા તેના પ્રત્યે બિલકુલ ઉપેક્ષા કરીએ છીએ. **ઉજ્જૈનના ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટના ક્યુરેટરના** હોદ્દા ઉપર બહેન **સુભદ્રાદેવીના**

સ્થાનમાં બીજો કોઈ ક્યુરેટર હોત તો સંભવ છે કે આ કૃતિઓની પણ તે જ દશા થાત. પરન્તુ બ્હેન **સુભદ્રાદેવી**નો જૂની ગુજરાતી પ્રત્યેનો અભ્યાસપ્રેમ અને ગમે તેવી વસ્તુમાંથી પણ ઊંચું તત્ત્વ શોધવાની તેમજ તેના વાસ્તવિક મહત્ત્વને ગ્રહણ કરવાની શક્તિ અને બુદ્ધિનું પરિણામ છે કે લોકદૃષ્ટિમાં સામાન્ય ગણાતી આ કૃતિઓ સાહિત્યકારો અને ઇતિહાસકારોને અત્યન્ત ઉપયોગી થવાના સ્વરૂપમાં આપણી સામે આવીને ઉપસ્થિત થાય છે. અને તેટલા માટે કેવળ જૈનસંઘ જ નહિ, ભારતના ઇતિહાસકારો અને સંશોધકો, **ડૉ. ક્રાઉઝે ઉર્ફે બ્હેન સુભદ્રાદેવી**ના ઋણી રહેશે.

નાની કે મોટી કોઇપણ કૃતિનું સંપાદન કરવામાં કેવો આદર્શ રાખવો જોઈએ, તે સંબંધી સંપાદિકા બ્હેને પોતાની પ્રસ્તાવનાના પ્રારંભમાં કહ્યું છે તે બરાબર છે કે–"પ્રાચીન ગ્રન્થોને અર્ધ-જીર્ણ હાલતમાં સંખ્યાબન્ધ બહાર પાડવાને બદલે એકાદ ગ્રન્થ પણ કાળજીપૂર્વક અને આધુનિક વાચક તેનાં અર્થ અને મહત્ત્વ ગ્રહણ કરી શકે તેવી રીતે સંપાદિત કરવો એ મારો આદર્શ આ વિષયના રસિકોને અનુકૂળ લાગે અને વિદ્વદ્વર્ગમાં વધુ પ્રમાણમાં લક્ષ્યભૂત બને તે મારી હાર્દિક ઇચ્છા છે, કારણ કે જો ગુજરાતી સાહિત્યનો સત્ય ઇતિહાસ લખવો હોય, તો પ્રાચીન ગ્રન્થોનું આવા પ્રકારનું સંપાદન, તેનો કષ્ટયુક્ત, પરન્તુ સીધો માર્ગ છે."

કૃતિઓની ભાષા ગુજરાતી હોવા છતાં, તેની વિભક્તિઓ અને કેટલાક શબ્દો વગેરેમાં ઘણું મિશ્રણ થયેલું દેખાય છે.

આ ખુલાસો સંપાદિકા બ્હેને પોતાની પ્રસ્તાવનામાં કર્યો છે; છતાં વધારે સ્પષ્ટીકરણ રૂપે વિચારીએ તો પ્રાય: પ્રાચીન મધ્યકાલીન ગુજરાતી કવિતાઓમાં આવું ઘણે ભાગે જોવામાં આવે છે. અને તેનું કારણ એ લાગે છે કે, જૈન સાધુઓ પાદભ્રમણદ્વારા દેશવિદેશમાં વિચરનારા હોય છે. પરિણામે તેમની ભાષાઓમાં બધી ભાષાઓની અસર થઈ જાય છે. અત્યારે પણ એક પ્રાન્તને છોડી બીજા પ્રાન્તોમાં વિચરનારા સાધુઓની ભાષામાં આવું મિશ્રણ પ્રાય: અવશ્ય દેખાય છે. એ સિવાય સંભવ છે કે કવિઓ કવિતાની ખૂબીમાં વધારો કરવા માટે પણ કદાચ તેવાં બીજી ભાષાનાં શબ્દો અને વિભક્તિઓ મૂકતા હોય. એવું પણ બને છે કે કવિ મારવાડી હોય અને ગુજરાતમાં ઘણે ભાગે રહ્યા હોય, આથી ગુજરાતી કવિતા લખવા જતાં પોતાની માતૃભાષા મારવાડી હોવાને કારણે વિભક્તિના પ્રયોગો મારવાડીના પણ કરી નાખે.

કૃતિઓના કર્ત્તા સંબંધી ઉપયોગી ઐતિહાસિક વસ્તુઓ, જેવી કે

કવિનો સમય, કુલપરંપરા, કવિની રચનાઓ, કવિતાની ભાષા, તેના છંદો વગેરે ઉપર સંપાદિકા બ્હેને પોતાની પ્રસ્તાવનામાં બારીકાઇપૂર્વક પ્રકાશ પાડયો છે, એટલે તે સંબંધી વિશેષ લખવાની જરૂર અહીં નથી.

વળી સંપાદિકા બ્હેને પોતાના સંપાદનકાર્યમાં કેવળ મૂળ ગ્રન્થો કે પ્રસ્તાવના લખીને જ સંતોષ નથી માન્યો, કિન્તુ દરેક કૃતિ ઉપર ટિપ્પણી, પાઠાન્તરોની સૂચિ, સ્થાનો અને બિમ્બોની સૂચિ, ગ્રન્થમાં ઉલ્લિખિત સાહિત્યની સૂચિ અને સંકેતોની સૂચિ આપીને, વિદ્વાનોને માટે આ ગ્રન્થની ઉપયોગિતામાં ઘણો જ વધારો કરી આપ્યો છે. તેમની પ્રસ્તાવના પણ ઘણી જ વિદ્વત્તાપૂર્ણ, એક સાચા સંશોધકને શોભે તેવી લખાઈ છે.

ફરીથી કહેવું અનુચિત નહીં ગણાય કે બ્હેન સુભદ્રાદેવીના આ સંપાદને જૈનસંઘ તેમજ સાહિત્યકારો અને ઇતિહાસકારોને ખરેખર જ ઋણી બનાવ્યા છે.

પ્રાન્તે— બ્હેન સુભદ્રાદેવી દીર્ઘાયુષ્ય અને નીરોગી રહી આવી રીતે સાહિત્ય અને શ્રમણ સંસ્કૃતિની સેવા કરવામાં વધારે ને વધારે સમર્થ બને એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરું છું.

શિવપુરી (ગ્વાલિયર)
કાર્તિક વદિ ૮, ૨૦૦૪ · ધર્મ સં. ૨૭

**વિદ્યાવિજય**

# પ્રસ્તાવના

શિવપુરી (ગ્વાલિયર)માં સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજય-ધર્મસૂરીશ્વરજી મહારાજના સમાધિમન્દિરની શીતલ છાયામાં આવેલી શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ નામની સંસ્થામાં વર્ષો સુધી રહી ઉક્ત જગત્પૂજ્ય મહાત્માના વિદ્વાન અને પ્રભાવશાળી સાધુ શિષ્યમંડલ, આચાર્ય શ્રીવિજયેન્દ્રસૂરિજી, સ્વ. ઉપાધ્યાય શ્રીમંગલવિજયજી, મુનિરાજ શ્રીવિદ્યા-વિજયજી, મુનિરાજ શ્રીન્યાયવિજયજી અને મુનિરાજ શ્રીજયન્તવિજયજી, દ્વારા મારા જેવી એક વિદેશી બાઇએ જે કંઈ જ્ઞાન મેળવ્યું છે તે માટે હું તે સંસ્થાની અને જ્ઞાન આપનાર ગુરુઓની સદા ઋણી છું.

પૂજ્યપાદ મુનિ શ્રીવિદ્યાવિજયજી મહારાજ પાસે મેં ખાસ જૂની અને નવી ગુજરાતીના રાસસાહિત્યનો જે અભ્યાસ કર્યો તેના પરિણામે હું ઉજ્જૈનસ્થ શ્રી સિંધિયા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં રહેલા આવા સાહિત્યના સંગ્રહની વ્યવસ્થા કરવા સમર્થ થઇ; તે પ્રસંગે થોડાઘણા એવા ગ્રંથો હાથ આવ્યા કે જે મહત્ત્વના હોવા છતાં હજુ સુધી અપ્રકાશિત અથવા તદ્દન અજ્ઞાત છે. આવો એક ગ્રન્થ શ્રીભાનુમેરુશિષ્ય શ્રીનયસુન્દર મહાકવિ દ્વારા વિરચિત 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ' નામની મનોહર અને ઉચ્ચતમ કોટિની કૃતિ છે. આ કૃતિનું નામ સ્વ. શ્રી મો. દ. દેસાઇના સુપ્રસિદ્ધ 'જૈન ગુર્જર કવિઓ'ના પહેલા ભાગમાં અને પ્રાચીન તીર્થસ્થાનોના વિશેષજ્ઞ પૂજ્યપાદ મુનિ શ્રીજયન્તવિજયજી મહારાજના 'શ્રી શંખેશ્વર મહાતીર્થ' નામના પુસ્તકમાં આવેલા શંખેશ્વર સાહિત્યમાં ઉલ્લિખિત નહિ હોવાથી આ કૃતિ બહાર પાડવાની ઇચ્છા થઈ. આ ઇચ્છાના પરિણામે તે કૃતિ બે બીજી અપ્રકાશિત કૃતિઓ સાથે નિમ્નલિખિત ક્રમથી આ ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવી છેઃ—

(૧) શ્રીનયસુન્દરકૃત 'શંખેશ્વર પાર્શ્વનાથ છંદ'

(૨) શ્રીપ્રેમવિજયકૃત 'ત્રણસો પાંસઠ પાર્શ્વનામમાળા'

(૩) શ્રીખેમાકૃત 'વૃદ્ધચૈત્યવન્દન'

આ કૃતિઓ, તેના કર્તા તથા તેના મહત્ત્વ ઉપર કંઇક પ્રકાશ પાડવાની યથાશક્તિ કોશિશ કરવામાં આવી છે. તેમાં કેટલાંક કઠણ પદ્યોનો અર્થ બેસાડવાના અથવા તો વધારે સ્પષ્ટ કરવાના ઉદ્દેશથી એક 'ટિપ્પણી' પણ સાથે આપવામાં આવી છે. ત્રણે ગ્રંથોમાં સ્થાનોના અને ખાસ કરીને પાર્શ્વ-

નાથ–બિંબોનાં જે ઘણાંખરાં નામો આપેલ છે તેની અકારાદિ ક્રમમાં ગોઠવેલી એક 'સૂચી' પણ આપવામાં આવી છે. તેમાંનાં જે નામો અપ્રસિદ્ધ લાગ્યાં અથવા ઓછી પ્રસિદ્ધિમાં આવ્યાં હોય તે સંબન્ધીના પ્રાચીન ગ્રન્થોના ઉલ્લેખો અથવા તેના અસ્તિત્વ સંબન્ધીના અનુમાનરૂપ ટિપ્પણીઓ આવશ્યકતા અને શક્તિને અનુસાર તે સૂચીમાં આપવામાં આવેલ છે કે જેથી જૈનતીર્થોના ઇતિહાસ સંબન્ધીની શોધખોળને માટે સાધનભૂત બને.

પ્રાચીન ગ્રન્થોને અર્ધ-જીર્ણ હાલતમાં સંખ્યાબંધ બહાર પાડવાને બદલે એકાદ ગ્રન્થને કાળજીપૂર્વક અને આધુનિક વાચક તેનાં અર્થ અને મહત્ત્વ ગ્રહણ કરી શકે તેવી રીતે સંપાદિત કરવો એ મારો આદર્શ આ વિષયના રસિકોને અનુકૂળ લાગે અને વિદ્વદ્વર્ગમાં વધુ પ્રમાણમાં લક્ષ્યભૂત બને તે મારી હાર્દિક ઇચ્છા છે, કારણ કે જો ગુજરાતી સાહિત્યનો સત્ય ઇતિહાસ લખવો હોય તો પ્રાચીન ગ્રંથોનું આવા પ્રકારનું સંપાદન તેનો કષ્ટયુક્ત, પરન્તુ સીધો માર્ગ છે.

આટલું કથન કર્યા પછી હું હવે પ્રસ્તુત કૃતિઓના પરિચયમાં ઊતરું છું.

## ૧. 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

મહાકવિ શ્રી **નયસુન્દર**ની સરસ ગુજરાતી કૃતિઓ તરફ સૌથી પહેલાં વિદ્વદ્વર સ્વ. શ્રી મો. દ. દેસાઇએ સાહિત્યરસિકોનું લક્ષ્ય ખેંચ્યું હતું. તેઓએ આ કવિના કેટલાક રાસો 'શ્રી આનન્દકાવ્ય મહોદધિ'નાં મૌક્તિક ૩ અને ૬ માં[1] સંપાદિત કર્યા અને તેની ભૂમિકાઓમાં કવિ અને તેમની કૃતિઓ સંબન્ધી કંઇક વિવેચન કર્યું હતું. તે સંબન્ધી સુધારાવધારા સ્વ. દેસાઇએ આ કવિની પાછળથી મળી આવેલ કૃતિઓના આધારે પોતાના 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૧ અને ૩ માં[2] અને 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ'માં[3] પ્રસંગોપાત્ત આપેલા છે. એટલે કવિ અને તેમની વિગત પ્રસિદ્ધ હોવાથી હું અહીં ફક્ત તે સંબન્ધીની કેટલીક અગત્યની વાતો પ્રસ્તુત કરીશ.

### કવિકુલપરંપરા

'વૃદ્ધ તપાગચ્છ'ની[4] ૫૭મી પાટ પર 'કૃષ્ણ સરસ્વતી' **શ્રીલબ્ધિ-સાગરસૂરિ** થયા હતા કે જેઓ એક પ્રસિદ્ધ ગ્રંથકર્તા હતા અને જેમના સં. ૧૫૫૯થી ૧૫૬૫ સુધીના પ્રતિમાલેખો ઉપલબ્ધ છે. એમના પટ્ટધર

---

૧. શેઠ દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રકાશિત

૨. ભાગ ૧ પૃ. ૨૫૪ આદિ; ભાગ ૩ પૃ. ૭૪૮ આદિ

૩. સન ૧૯૨૬

૪. જૈન ગુર્જર કવિઓ, ભાગ ૨, પૃ. ૭૪૧ આદિ અને ભાગ ૩, પૃ. ૨૨૯૬ આદિ.

૫૮ મા આચાર્ય **શ્રીધનરત્નસૂરિ** થયા કે જેમના સં. ૧૫૭૦ થી ૧૫૯૧ સુધીના પ્રતિમાલેખો મળ્યા છે. આ ધનરત્નસૂરિના ત્રણ શિષ્યો પ્રસિદ્ધિમાં આવ્યા છે. પહેલા શિષ્ય **શ્રીઅમરરત્નસૂરિ** ૫૯ મા ગચ્છપતિ થયા. એમનો માત્ર એક જ સં. ૧૬૦૪નો પ્રતિમાલેખ મળ્યો છે. તેમના શિષ્ય **શ્રીદેવરત્નસૂરિ** ૬૦મી પાટ પર થયા. શ્રીધનરત્નસૂરિના બીજા શિષ્ય **શ્રી-તેજરત્નસૂરિ** હતા કે જેમને શ્રીઅમરરત્નસૂરિએ આચાર્યપદવી આપી હતી અને જેઓ એક બીજી શાખાના ૬૦ મા અધિપતિ ગણાય છે. શ્રી-નયસુન્દરની પ્રશસ્તિઓ પ્રમાણે શ્રીધનરત્નસૂરિના ત્રીજા શિષ્ય **શ્રીભાનુ મેરુગણિ** હતા. એમને બે શિષ્યો હતા જેઓમાંના એક શિષ્ય આપણા કવિ નયસુન્દરના જામેય મોટા ગુરુભાઈ **શ્રીમાણિકયરત્ન** અને બીજા **શ્રીનયસુન્દર** પોતે જ હતા.

કવિ નયસુન્દરને કેટલા શિષ્યો હતા તે જ્ઞાત નથી. માત્ર એક સાધ્વી શ્રીમતી **હેમશ્રીજી** પોતાના સં. ૧૬૪૪માં વિરચિત "કનકાવતી આખ્યાન"-માં ભાનુમેરુ-શિષ્ય શ્રીનયસુન્દર વાચકને પોતાના ગુરુ તરીકે ઓળખાવે છે.[1]

આ બધી વિગત પ્રમાણે કવિની ગુરુપરમ્પરા નિમ્નલિખિત છેઃ—

૫૭ લબ્ધિસાગરસૂરિ
↓
૫૮ ધનરત્નસૂરિ
↓

| | | |
|---|---|---|
| ૫૯ અમરરત્નસૂરિ | [૬૦] તેજરત્નસૂરિ | ભાનુમેરુગણિ |
| ↓ | ↓ | ↓ |
| ૬૦ દેવરત્નસૂરિ | [૬૧] દેવસુન્દરસૂરિ | માણિકયરત્ન / નયસુંદર |
| ↓ | ↓ | ↓ (નયસુંદર) |
| ૬૧ જયરત્નસૂરિ | [૬૨] વિજયસુન્દરસૂરિ (?) | હેમશ્રીજી |
| ↓ | | |
| ૬૨ ભુવનકીર્તિસૂરિ | | |

## કવિની કૃતિઓ

શ્રીનયસુન્દરની અત્યાર સુધી ૧૧ ગુજરાતી અને ૨ સંસ્કૃત કૃતિઓ ઉપલબ્ધ થઈ છે. તેમાંની આઠ કૃતિઓનો રચનાસમય તેની પ્રશસ્તિઓ દ્વારા જ્ઞાત છે. તે વિ. સં. ૧૬૩૭, ૧૬૩૮, ૧૬૪૦, ૧૬૪૬, ૧૬૫૬, ૧૬૬૫, ૧૬૬૯

૧. જૈ. ગુ. ક. ૧ પૃ. ૨૮૬ અને આ. કા. મ. ૬ પૃ. ૧૪ (ભૂમિકા)

૨. જુઓ જૈ. ગુ. ક. ૨ પૃ. ૭૪૨

અને ૧૬૮૧નો સમય છે. આ કૃતિઓમાંની ૧૬૪૬ સુધીની ૪ કૃતિઓમાં[1] **દેવરત્નસૂરિ**ને યાતો **દેવરત્નસૂરિ** અને **તેજરત્નસૂરિ**ને ગચ્છનાયક તરીકે ઓળખાવવામાં આવ્યા છે. સંવત ૧૬૪૬થી ૧૬૫૬ દરમિયાનની કોઇપણ કૃતિ જણાતી નથી. સં. ૧૬૫૬ થી લઇને પાછળની ચાર કૃતિઓમાં[2] શ્રી **દેવસુન્દરસૂરિ** અને શ્રી**વિજયસુન્દરસૂરિ**નાં નામો આજ ક્રમમાં એવી રીતે આપવામાં આવ્યાં છે કે જેથી એમ લાગે છે કે વિજયસુન્દરસૂરિ તે વખતના ગચ્છનાયક અને શ્રીદેવસુન્દરસૂરિના પટ્ટધર હોવા જોઇએ. વળી આ છેલ્લી ૪ કૃતિઓમાંની બે કૃતિઓમાં[3] બન્ને નામો શ્રીતેજરત્નસૂરિ અને શ્રી દેવરત્નસૂરિનાં નામોની સાથે તેઓની પાછળ જ આવ્યાં છે કે જેથી એ અનુમાન થાય છે કે શ્રીદેવસુન્દરસૂરિ અને શ્રીવિજયસુન્દરસૂરિ ઉપર્યુક્ત બે ગચ્છપતિઓ પૈકી એક સૂરિની પરમ્પરાના હોવા જોઇએ.

સ્વ. દેશાઇએ આપેલી પટ્ટાવલી પ્રમાણે શ્રીદેવરત્નની પાટ પર ૬૧ મા આચાર્ય શ્રીજયરત્ન, ૬૨મા ભુવનકીર્તિ અને ૬૩મા રત્નકીર્તિસૂરિ થયા. તેથી એવું અનુમાન થાય છે કે દેવસુન્દરસૂરિ તેજરત્નસૂરિના પટ્ટધર અને વિજયસુન્દરસૂરિ તેજરત્નસૂરિના પ્રશિષ્ય હોય અને કે શ્રીદેવરત્નસૂરિના સ્વર્ગવાસ પછી આપણા કવિએ તેમની શાખા સાથે વધુ સંબન્ધ નહીં રાખતાં શ્રીતેજરત્નસૂરિની શાખાના પ્રતિનિધિઓની આજ્ઞાને માન્ય રાખી હોય. "શીલશિક્ષારાસ"માં તેઓ સાફ સાફ કહે છે કે:–

"**દેવસુન્દરસૂરિ** પાટિ પ્રધાન રે, **સૂરિવર વિજયસુન્દર**
વિજયમાન કિ
"—તાસ આદેસ લહી કરી હૃદય થિર રાખિવા રચ્યુ એ રાસ કિ"

એટલે તેમણે આ રાસ શ્રીવિજયસુન્દરસૂરિનો આદેશ લઇને રચ્યો છે, અને વળી "શંખેશ્વર પાર્શ્વનાથ છંદ"માં તેઓ જાણે વિશેષ ભક્તિભાવથી પોતાના નામ સાથે આ સૂરિનું નામ ગ્રથિત કરીને (પદ્ય ૬÷"विजयं नय सुन्दर"), સકલ સંઘનું તેમની આજ્ઞામાં હોવાનું શ્લેષરૂપમાં કહે છે (પદ્ય ૧૨૮÷"વલી સર્વ **વિજયસુન્દર** બિરૂદ સકલ સંઘ તુહ પય ચરણ")."આત્મ-

૧. "રૂપચંદ કુંવરરાસ" "શત્રુંજય ઉદ્ધાર રાસ," "પ્રભાવતી રાસ" ને "સુરસુંદરી રાસ."

૨ "શંખેશ્વર પાર્શ્વનાથ છંદ, "નલદમયન્તી ચરિત્ર," "શીલશિક્ષા રાસ," "યશોધર ચોપાઇ."

૩. "નલ દમયન્તી ચરિત્ર" અને 'યશોધર ચોપાઇ."

પ્રતિબોધ' માં[1] પણ (કે જે કૃતિનો સમયનિર્દેશ નથી) કવિ આ સૂરિને ખાસ વાંદે છે (પદ્ય ૭૮:-"શ્રી **વિજયસુન્દર** સૂરિ પટ્ટોધરચંદ્ર આણંદ પૂરિ").

હવે ઉપર્યુક્ત સમયનિર્દેશ-યુક્ત કૃતિઓ પર વધુ દૃષ્ટિપાત કરીએ તો એમ પણ દેખાય છે કે કાલક્રમથી પહેલી કૃતિઓમાં કવિ પોતાની જાતને માત્ર 'નયસુંદર' તરીકે અને પાછળની (સં. ૧૬૬૫ પછીની) કૃતિઓમાં "નયસુન્દર વાચક" યા "ઉવજ્ઝાય" તરીકે ઓળખાવે છે. તેમજ સં. ૧૬૩૮ પછીની કૃતિઓમાં પોતાના ગુરુને પ્રાયઃ "ભાનુમેરુગણિ" તરીકે ઉલ્લિખિત કરે છે.

આવી બાબતો પરથી સમયનિર્દેશ-રહિત કૃતિઓનો પણ લગભગનો રચનાસમય કંઇક અંશે નિર્ણીત થઇ શકે છે. દાખલા તરીકે "**શાન્તિનાથ-સ્તવન**"માં માત્ર ધનરત્નસૂરિનું નામ આચાર્ય તરીકે આવવાથી અને ભાનુમેરુ ફક્ત "મુનિ" તરીકે ઉલ્લિખિત હોવાથી તથા સાથે સાથે કવિનું નામ પણ પદવી-રહિત હોવાથી આ કવિતા શ્રીનયસુન્દરની સૌથી પહેલી કૃતિ હોવાનું સંભવે છે.

આવી રીતે "**ગિરનાર ઉદ્ધાર રાસ**"માં દેવરત્નસૂરિનો ઉલ્લેખ અને બૃહત્તપોગણગુર્વાવલી–સ્વાધ્યાય"માં દેવરત્નસૂરિ અને તેજરત્નસૂરિનો ઉલ્લેખ હોવાથી અને કવિનું નામ પદવી-રહિત હોવાથી તે કૃતિઓ પણ પૂર્વકાલની, અને "**આત્મપ્રતિબોધ**" તથા "**યશોધર ચોપાઇ**"માં વિજયસુન્દરસૂરિનો ઉલ્લેખ હોવાથી અને કવિનું નામ પદવીયુક્ત હોવાથી આ બન્ને કૃતિઓ પાછળના વખતની હોવી જોઇએ. અર્થાત્ "યશોધર ચોપાઈ"માંનો સમય-સંકેત ("વસુધા વસુ પુનિ ['મુનિ' આ પાઠ ઠીક નથી] રસ એક")નો અર્થ સં. ૧૬૮૧ હોવો જોઇએ એમાં સન્દેહ નથી.[2]

---

૧. જૈ. ગુ. ક. ૩, પૃ. ૭૫૪ પદ્ય ૭૮

૨. જુઓ "શ્રીભાનુમેરુની 'ચન્દનબાલા સજ્ઝાય'" આ શીર્ષકનો મારો નિબન્ધ "જૈન સત્ય પ્રકાશ"માં (વર્ષ ૧૨, પૃ. ૧૬૧)

આવી રીતે શ્રીનયસુન્દરની કૃતિઓની સૂચી નિમ્નલિખિત પ્રમાણે હોવાનો સંભવ છે :—

મહાકવિ શ્રીનયસુન્દરની કૃતિઓ

| | કૃતિ | રચના સંવત | ગચ્છપતિ | ગુરુની પદવી | કવિની પદવી | ક્યાંથી પ્રસિદ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શાન્તિનાથ સ્તવન | ? | ધનરત્ન | મુનિ | × | જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૫૫ ઉલ્લિખિત |
| ૨ | રૂપચન્દકુંવર રાસ | ૧૬૩૭ | તેજરત્ન દેવરત્ન | × | × | આ. કા. મ. ૬. પ્રકાશિત |
| ૩ | શત્રુંજય[1] ઉદ્ધારરાસ | ૧૬૩૮ | દેવરત્ન | ગણિ | × | ઐ. |
| ૪ | ગિરનાર ઉદ્ધાર રાસ | ? | દેવરત્ન | ગણિ | × | જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૫૩ જૈ. સા. સં. ઇ. પૅરા ૭૪ ઉલ્લિખિત |
| ૫ | પ્રભાવતી રાસ[2] | ૧૬૪૦ | તેજરત્ન દેવરત્ન | ગણિ | × | જૈ. ગુ. ક. ૧ પૃ. ૨૫૮ ૩ પૃ. ૭૫૧, આ. કા. મ. ૬ પૃ. ૬ ઉલ્લિખિત |
| ૬ | સુરસુંદરી રાસ[3] | ૧૬૪૬ | તેજરત્ન દેવરત્ન | ગણિ | × | આ. કા. મ. ૩ પ્રકાશિત |
| ૭ | बृहत्तपोगणगुर्वावलीस्वाध्याय (संस्कृत) | ? | તેજરત્ન દેવરત્ન | ગણિ | × | જૈ. ગુ. ક. ૨ પૃ. ૭૩૧ ૩ પૃ. ૨૨૯૩; ઉદ્ધૃત |
| ૮ | શંખેશ્વર પાર્શ્વનાથ છંદ | ૧૬૫૬ | વિજયસુન્દર | × | × | જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૫૫ ઉલ્લિખિત |
| ૯ | નલ દમયન્તી ચરિત્ર | ૧૬૬૫ | વિજયસુન્દર | ગણિ | વાચક | આ. કા. મ. ૬ પ્રકાશિત |
| ૧૦ | શીલશિક્ષા રાસ | ૧૬૬૯ | વિજયસુન્દર | ગણિ | વાચક | આ. કા. મ. ૬ પૃ. ૬; જૈ. ગુ. ક. ૧. પૃ. ૨૬૭ ઉલ્લિખિત |
| ૧૧ | આત્મપ્રતિબોધ | ? | વિજયસુન્દર | ગણિ[4] | વાચક | જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૫૪ ઉલ્લિખિત |
| ૧૨ | યશોધર ચોપાઈ | ૧૬૮૧ | વિજયસુન્દર | ગણિ | ઉવજ્ઝાય | જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૪૮ ઉલ્લિખિત |
| ૧૩ | सारस्वत व्याकरण रूपरत्नमाला (संस्कृत) | ? | ? | ? | ? | जिनरत्नकोश पृ. ४३४ न. ७५ उल्लिखित |

૧. 'શત્રુંજય ઉદ્ધાર રાસ'ની એક સં. ૧૭૪૬માં લખેલી પ્રત ઉજ્જૈનના સિંધિયા ઓરિ-

## પ્રતોનો પરિચય

આ ગ્રન્થમાં પહેલી વાર પ્રકાશિત **"શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ"** ગ્વાલિયર સરકારના ઉજ્જૈન સ્થિત "શ્રી સિન્ધિયા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ"ની ત્રણ પ્રતોમાં ઉપલબ્ધ છે કે જેનો ઉલ્લેખ મેં "કંઇક શંખેશ્વર સાહિત્ય" આ મથાળાના મારા એક નિબન્ધમાં[6] કર્યો છે. પ્રસ્તુત પ્રતોની વિગત આ છે :

(૧) પ્રત 'અ' (નં. ૫૦૮): દેશી કાગળનાં ૪½"×૧૦"નાં ૮ પત્રો છે. દરેક પત્ર પર સાધારણ દેવનાગરીની ૩૯ અક્ષરોની ૧૪ પંક્તિઓ કાળી શાહીથી લખેલી છે. બન્ને બાજૂઓની કિનારી પર લાલ શાહીની બબ્બે લીટીઓ ખેંચેલી છે. પ્રસ્તુત કાવ્ય પત્ર ૧–૭ પર અને તેની પછી શ્રી શાંતિકુશલ-કૃત ગોડી પાર્શ્વનાથ સ્તવન લખેલું છે. આરંભમાં "श्रीगणाधिपतये नमः ॥ अथ पार्श्वनाथजी रा छंद लिख्यते" અને પહેલી કવિતાના અંતમાં નિમ્નલિખિત લહિયા-પ્રશસ્તિ લખેલી છે : "इति श्रीविवधछंदोनिबंध श्रीसंखेस्वर पार्श्वनाथ प्रबंद संपूर्णम् । लषितं रिष गंगाराम संवत १८३३ सा बर्ष मती चेत वदी २ बुद्वे ॥"

શ્વેત હરિતાલથી કરેલા સુધારાઓથી આ વાતની ખબર પડે છે કે ગ્વાલિયરી લિપિના ઇ–કારો અને ઉ–કારો પાછળથી કાઢી નાખવામાં અને તેની જગ્યાએ એ–કાર અને ઓ–કારના અક્ષરો બતાવવામાં આવ્યા છે. મૂળ અખંડિત છે.

(૨) પ્રત 'બ' (નં. ૫૭૪): દેશી કાગળનાં ૪"×૯"નાં ૧૧ પત્રો છે. દરેક પત્ર પર જૈન દેવનાગરીની ૧૧ પંક્તિઓ લખેલી છે. શાહી કાળી છે. પદ્યોના આંકડા, છંદો અને દેશીઓનાં નામો વગેરે લાલ ખડીથી રંગિત છે. કોઈ કોઈ અક્ષરો પડિમાત્રાવાળા, બાકીના સાધારણ શૈલીના છે. નાના (એક લીટીમાં ૪૫) અને મોટા (એક લીટીમાં ૨૭) અક્ષરોના ફકરાઓ વારા ફરતી લખેલા છે. આરંભમાં "ભલે મીંડું" અને તે પછી "ऑं नमो भारत्यै" તથા અંતમાં નિમ્નલિખિત પુષ્પિકા લખેલી છે : "इति श्रीसंषेस्वर पार्श्वनाथमंत्रस्य सगर्भित छंद संपूर्ण लिषतं चेल्ला मोजी चतरभज लपीकृतं श्रीप्रतापदूर्गे संवति १८४४ रा मृगसर वद ७ सोमे समाप्ति-

---

યેન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં પણ છે. (નં. ૭૦૨૬).—૨. "પ્રભાવતી રાસ"ની એક પ્રત સિંધિયા ઓ. ઇ. માં પણ છે. (નં. ૬૪૦).—૩. "સુરસુન્દરી રાસ"ની એક સં. ૧૬૫૬માં લખેલી પ્રત સિંધિયા ઓ. ઇ. માં પણ છે. (નં. ૫૦૭).—૪. સ્વ. દેશાઇએ આપેલા ઉદ્ધરણમાં "ગુણી" આ પાઠ છે કે જે ઘણે ભાગે આમ સુધારવાનો છે.—૫. ધનરત્ન સૂરિનું નામ આપેલું હોવાથી કર્તા કવિ નયસુન્દર જ સંભવે છે. ૬. જૈ. સ. પ્ર. ૧૯૪૫ ડિસેંબર પૃ. ૭૩.

मगमत् श्रीरस्तु कल्याणमस्तु"। પહેલું અને છેલ્લું પૃષ્ઠ ખાલી છે. લહિયા પ્રશસ્તિની નીચે ૧૫ શ્રી-કારોનો એક ત્રિકોણ બનાવ્યો છે. અક્ષર સ્વચ્છ છે. એક બે જગ્યાએ અક્ષરો આંગળીથી ભૂંસાડવામાં અને શાહીથી સુધારવામાં આવેલ છે. મૂળ અખંડિત છે.

(૩) પ્રત "સ" (નં. ૭૦૩૫): દેશી કાગળનાં ૪$\frac{3}{4}$"×૧૦" ૨ પત્રો છે કે જેના દરેક પૃષ્ઠ પર જૈન દેવનાગરીના ૪૨ અક્ષરવાળી ૧૪ પંક્તિઓ કાળી શાહીથી લખેલ છે. પડિમાત્રા નથી. પદ્યોના આંકડાઓ વગેરે લાલ ખડીથી રંગિત છે. લિપિ સુંદર અને સ્વચ્છ છે. પરંતુ પ્રત ખંડિત છે. પત્ર બીજું અને ત્રીજું માત્ર ઉપલબ્ધ છે કે જેમાં કવિતાનાં પદ્યો ૨૫ થી ૫૮ સુધી રહેલાં છે. કેટલોક સુધારો બહુ પ્રાચીન પીળી હરિતાલથી કરવામાં આવ્યો છે. આ પ્રત વધારે પ્રાચીન લાગે છે.

(૪) પ્રત 'ડ':-ઉપર્યુલ્લિખિત પ્રતો ઉપરાન્ત આપણી કવિતાની એક પ્રત 'પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી પાસેના ભંડાર નરસિંહજીની પોળ-વડોદરા'માં (નં. ૯૨૨) હોવાનું સ્વ. શ્રી મો. દ. દેસાઇ જણાવે છે.[1] તે પ્રતમાં કવિતાનું નામ 'શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન' આપવામાં આવ્યું છે. આ પ્રતને માટે 'નવી' આ વિશેષણ વાપર્યું હોવાથી મેં તે જોવાની કોશિશ કરી નથી.

ઉજ્જૈનવાળી ત્રણે પ્રતોમાં 'સ' સૌથી વધારે પ્રાચીન અને 'બ'ની આધારભૂત દેખાય છે. છતાં તે અતિખંડિત હોવાથી પ્રસ્તુત કવિતાને પ્રત 'અ'ના આધાર પર સંપાદિત કરવી પડી. માત્ર તેમાં બગડેલા પાઠોને બદલે પ્રત 'બ' અથવા 'સ' નાં પાઠાન્તરો અથવા તો સ્વતંત્ર સુધારો સ્વીકૃત કરવામાં આવ્યો છે. નહીં સ્વીકૃત કરેલા પાઠોની સૂચી આગળ આપવામાં આવશે.

## ભાષા

પાર્શ્વનાથ છંદનાં પહેલાં ૭ પદ્યો સંસ્કૃતમાં અને બાકીનાં ૧૨૫ પદ્યો ગુજરાતીમાં વિરચિત છે. સંસ્કૃત પદ્યોની રચનાથી તથા ગુજરાતી પદ્યોમાં આવેલા તત્સમો, વિશેષત: તત્ત્વજ્ઞાન અને હઠયોગને લગતા પારિભાષિક શબ્દોના ઉપયોગથી **કવિની વિદ્વત્તા** સાબિત થાય છે.

કેટલાક ફકરાઓ આ વિશેષતાથી વાચકનું ધ્યાન ખેંચે છે કે તેમાં **ગુજરાતી ભાષાને સંસ્કૃત ભાષાનો આકાર** આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; જેમ કે:—

'જગદીસં સંખેસર પાસં પ્રકટ પ્રમાણે પૂરે આસં'

અથવા

---

૧. જૈ. ગુ. કા. ભાગ ૩, પૃ. ૬૫૫.

'અવિનાશં ઈશ જય જગદીશં પરબ્રહ્મેશં પરમેશં' ઇત્યાદિ. આ વિશેષતા ખાસ શ્રીધર કવિની કૃતિઓમાં પણ ઉપલબ્ધ થાય છે. તે કૃતિઓની એ વિશેષતા તરફ વાચકોનું લક્ષ્ય ખેંચતાં શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી[1] તેને **ચારણી સાહિત્યની** લક્ષણભૂત બતાવે છે કે જે સાહિત્યના પ્રાચીન નમૂના તરીકે તેઓ શ્રીધરની કવિતાઓને સાબિત કરવાનો પ્રયાસ કરે છે. આ વાતમાં શ્રીનયસુન્દરજીએ શ્રીધર કવિનું યાતો ચારણોનું જ અનુકરણ કર્યું હોય તે બનવા જોગ છે.

આ સાથે આપણા કાવ્યની ભાષાની એ બીજી વિશેષતા પણ સારી રીતે મળી આવે છે કે તેમાં શ્રીધરની ભાષા, પ્રાચીન **ડિંગલ ભાષા** તથા આધુનિક ચારણી સાહિત્યની ભાષાની જેમ શબ્દના વચલા વ્યંજનોને ઘણી-વાર બેવડા કરવામાં આવે છે.[2] ક્યાંસુધી લહિયાઓએ આ વિશેષતાને ભૂંસાવી નાખી હશે તે કહેવું કઠણ છે.

વળી 'સિવવાસી'–'અવિનાસી' (૫.૫૩), 'મહોદયવાસ'–'ગુણરાસ' (૫.૫૮) જેવા અનુપ્રાસો બતાવી આપે છે કે એક ઉચ્ચ કોટીના સંસ્કૃત વિદ્વાન હોવા છતાં આપણા કવિ કોઈવાર સંસ્કૃત શબ્દોનું **લોકપ્રચલિત** ('અશુદ્ધ') **ઉચ્ચારણ** કદાચિત્ જાણી જોઈને પસંદ કરતા હોય.

આ કાવ્યની ગુજરાતી ભાષામાં **વિભક્તિ** સંબન્ધી જે કંઈ મિશ્રણ દેખાય છે તે તે સમયના લેખકોને માટે સાધારણ વાત છે;[3] દા. ત. તૂં તણા, વાડિચુ, કડીચુ, દીવેચુ, નડુલાઈચુ, આબુચઉ, કરહા તકો, અહિચ્છત્રકો, બીકાનેરકો, હમીરકો, સાગવાટકો, કલીકોટકો, સાયકો, નાગોરસો, દેવાસુ, ગુલવાડીઉસો. આનું મિશ્રણ 'જેર, ખુદા, ખાસ, દૂઉ, ગુહુર,' જેવા ઉર્દૂ ભાષાના શબ્દોના[4] ઉપયોગ દ્વારા પણ જણાય છે.

તે ઉપરાંત એવા ઘણા શબ્દપ્રયોગો પણ મળે છે કે જે પ્રાચીનતાને સૂચવે છે; જેમકે તૂસે, તૂઠી, ભીણી, પ્રીણી, વન્નિસુ, રાસહ, દાસહ, નમીસિ, સઈરી, નરય, સયલ, પરમત્થ, સુકયત્થ, ચક્કવે, પરતિખ, પોહોવી. તે સિવાય ચોપડ (રોટલી), ઝોટા (બદમાશ) જેવા કેટલાક વિરલ શબ્દો પણ ધ્યાન ખેંચે છે.

---

૧. 'આપણા કવિઓ', ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ખંડ ૧, પૃ. ૩૦૨

૨. 'આપણા કવિઓ' ૧, પૃ. ૩૦૦; જૈ. ગુ. ક. ૩ પ્ર. ૨૧૧૦ પ્રમાણે કવિ શ્રીધર વ્યાસનો સમય સં. ૧૪૫૪ની આસપાસનો છે.

૩. શ્રી આ. કા. મ. દ. પૃ. ૩૫ (ભૂમિકા)

૪. એ. પૃ. ૨૧

પ્રસ્તુત કવિતા નિમ્નલિખિત **છંદોમાં** વિરચિત છેઃ–

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | પદ્ય | ૧—૭ | ... | ... | સંસ્કૃત આર્યા |
| (૨) | ,, | ૮ | ... | ... | પૂર્વછાયુ |
| (૩) | ,, | ૯–૧૩ | ... | ... | રૂપક મડયલ |
| (૪) | ,, | ૧૪ | ... | ... | પૂર્વછાયુ |
| (૫) | ,, | ૧૫–૧૮ | ... | ... | રૂપક અડયલ |
| (૬) | ,, | ૧૯ | ... | ... | પૂર્વછાયુ |
| (૭) | ,, | ૨૦–૪૧ | ... | ... | રૂપક પ્રમાણિકા |
| (૮) | ,, | ૪૨ | ... | ... | પૂર્વછાયુ |
| (૯) | ,, | ૪૩–૪૮ | ... | ... | રૂપક મોતીદામ |
| (૧૦) | ,, | ૪૯ | ... | ... | પૂર્વછાયુ |
| (૧૧) | ,, | ૫૦–૫૧ | ... | ... | રૂપક પ્રમાણિકા |
| (૧૨) | ,, | ૫૨–૫૩ | ... | ... | પૂર્વછાયુ |
| (૧૩) | ,, | ૫૪–૫૭ | ... | ... | રૂપક ત્રિભંગી |
| (૧૪) | ,, | ૫૮ | ... | ... | પૂર્વછાયુ |
| (૧૫) | ,, | ૫૯–૮૧ | ... | ... | રૂપક સારસી |
| (૧૬) | ,, | ૮૨ | ... | ... | પૂર્વછાયુ |
| (૧૭) | ,, | ૮૩-૧૨૭ | ... | ... | રૂપક ભુજંગપ્રયાત |
| (૧૮) | ,, | ૧૨૮-૧૩૨ | ... | ... | ષટ્પદ |

આવી રીતે જે ૧૦ ભિન્નભિન્ન છંદોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમાં પ્રમાણિકા છંદ, મોતીદામ (સંસ્કૃત મૌક્તિકદામ, પ્રાકૃત મોત્તિઅદામ) છંદ, અને ભુજંગપ્રયાત છંદ આ ત્રણે છંદો 'વૃત્તો' અર્થાત્ 'અક્ષરમેળ છંદો' છે, જ્યારે બાકીના ૭ છંદો 'જાતિ' અર્થાત્ 'માત્રામેળ છંદો'માં અન્તર્ગત છે. તેમાં વળી મડયલ, અડયલ, ત્રિભંગી અને સારસી આ ચાર છંદો 'સમજાતિ', અને આર્યા, પૂર્વછાયુ તથા ષટ્પદી આ ત્રણ છંદો 'વિષમ જાતિ'માં આવી જાય છે.

**'અડયલ છંદ'** શ્રીહેમચન્દ્રસૂરિના **'छन्दोऽनुशासन'**માં વર્ણવેલા 'अडिला छंद' સાથે મેળ ખાય છે. ત્યાં યમક-યુક્ત वदनक छंद (૬+૪+૪+૨ =૧૬ માત્રા)ને અને उपवदनक छन्द (૬+૪+૪+૩=૧૭ માત્રા)ને 'अडिलाछंद' આ નામ આપવામાં આવે છે. ભલે તેમાંના યમકો બન્ને પાદોના કે ચારે પાદોના સરખા હોય[૧].

૧. પૃ. ૩૭ પૃ. ૧૧ 'અ' તથા વૃત્તિ પૃ. ૩૭ 'અ'.

તેમજ આ કાવ્યમાંનો '**મડયલ છંદ**' छन्दोऽनुशासनमांना 'मडिला छन्द' સાથે મળે છે કે જે ત્યાં ચારે પાદોના સરખા યમકવાળા अडिला-छन्द' સ્વરૂપે બતાવવામાં આવે છે,[1] અને જેના નમૂના તરીકે તપાગચ્છ પ્રતિક્રમણ સૂત્રમાં અંતર્ગત 'अजितशान्तिस्तवन'ના 'मंडिल-छन्द' (અથવા 'दीवय-छन्द') નામથી અંકિત અપભ્રંશ પદ્યો પ્રસિદ્ધ છે. અર્થાત્ હેમચન્દ્રસૂરિના મતને અનુસાર 'मडिला-छन्द' ઉપર્યુક્ત 'अडिला-छन्द'ના એક અવાન્તર ભેદનું નામ માત્ર છે. પ્રસ્તુત કવિતામાં 'અડયલ' અને 'મડયલ' બન્ને છંદોના અંતિમ અનુપ્રાસો ઘણે ભાગે ચારે પાદોમાં જ સરખા છે.

આધુનિક ગુજરાતીનો 'અરિલ્લ' છંદ એક અનુપ્રાસ યુક્ત ૧૬ અક્ષરોનો છંદ છે કે જેમાંના અંતિમ બન્ને અક્ષરો (દલપત પિંગળને અનુસાર) લઘુ જ છે. આ 'અરિલ્લ' છંદ અને અપભ્રંશના અસલી 'અડિલા' છંદની વચમાંનું અનુસંધાન પ્રસ્તુત કવિતાનું 'અડયલ' ઠીક ઠીક કરી આપે છે. માત્ર સમસ્ત પ્રાચીન રાસસાહિત્યની જેમ આ કવિતાની પ્રતોમાં પણ દીર્ઘ અને હ્રસ્વ અક્ષરોનો લિપિમાં ગોટાળો હોવાથી ગાતી વખતે વારંવાર ગુરુને લઘુ અને લઘુને ગુરુ છંદ પ્રમાણે સુધારવાની આવશ્યકતા છે તે કંઇ નવીન વાત નથી.

'**સારસી છંદ**' 'હરિગીતનું નામાન્તર છે આ વાત પ્રસિદ્ધ છે.

'**પૂર્વછાયુ**' શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રીના 'આપણા કવિઓ' નામના ગ્રંથ પ્રમાણે[2] દોહરો જ છે! પરંતુ પ્રસ્તુત કવિતામાંના 'પૂર્વછાયુ' નામથી અંકિત પદ્યોમાં એ વિશેષતા છે કે નિયમિત રીતે હરેક 'પૂર્વછાયુ'ના પહેલા ૨-૪ અક્ષરો તેના આગલા પદ્યના છેલ્લા અક્ષરોની પુનરાવૃત્તિ છે અને હરેક 'પૂર્વછાયુ'ના છેલ્લા ૨-૪ અક્ષરોની પુનરાવૃત્તિ તેના પાછલા પદ્યના પહેલા અક્ષરો દ્વારા થાય છે. જેમ કે—

તે લક્ષ કોટ સહૂ મિલી     સો નામ, એક તૂં વલી।
અંનત સિદ્ધ   સંકરો     સો પાસ શ્રી **સંખેસરો**॥ ૫૧

પૂર્વછાયો

**સંખેસરપુર** પાસજી     પ્રગટીઉ પરમ દયાલ।
સેવકને સંપતિ કરણ     ભય ભાવઠ હર **કાલ**॥ ૫૨
**કાલ** અનાદિ અનંત તુ     રહ્યો સદા સિવવાસી।
રૂપ ન રેષ ન રાયરજ એક **અવિનાસી**॥ ૫૩

ત્રિભંગી છંદ

**અવિનાશં** ઈશં જય જગદીશં પર અલેશં પરમેશં
અસુર સુરેશં સૂરીશ્વરેશં નારી નરેશં નાગેશં" આદિ

૧. વૃત્તિ પૃ. ૩૭ 'બ'.     ૨. ભાગ ૧, પૃ. ૩૦૨.

શ્રીનયસુન્દરજીના 'પૂર્વછાયુ' નામનાં પદ્યોની આ વિશેષતા 'પૂર્વછાયુ' નામની ઉત્પત્તિ ઉપર સરસ પ્રકાશ પાડે છે, કારણ કે તેમાં થતી અક્ષરોની પુનરાવૃત્તિ ખરેખર 'પૂર્વ'ની અર્થાત્ પૂર્વે પદ્યની એક જાતની 'છાયા' સમાન છે. પ્રાચીન સમયમાં આવી પુનરાવૃત્તિ આ છંદને માટે લક્ષણભૂત જ ગણાતી હોય એવું અનુમાન આ ઉપરથી થઇ શકે છે! તે કયાંસુધી વાજબી છે તેનો પત્તો માત્ર આ જાતનું વધુ સાહિત્ય પ્રકાશિત થયા પછી લગાવી શકાય.

ખાસ કરીને આ જાતની પુનરાવૃત્તિ સૌરાષ્ટ્રના આધુનિક બારોટોની કવિતાઓમાં પણ દેખાય છે. એટલે આ વાત પણ ઉપર્યુલ્લિખિત ભાષા-વિશેષતાઓની માફક શ્રીનયનસુન્દરજીના આ કાવ્યને **ચારણસાહિત્ય** સાથે જોડી આપે તેમ કહી શકાય.

પ્રસ્તુત કવિતામાં વાપરેલા બાકીના છંદો એટલા બધા પ્રચલિત છે કે તે સંબંધી વધારે કહેવાની આવશ્યકતા દેખાતી નથી.

'પૂર્વછાયુ'નાં પદ્યો, આરંભનું आर्यसप्तक અને અન્તનું ષટ્પદ પદ્ય છોડીને દરેક છંદના નામ સાથે લાગેલું "રૂપક" શબ્દ અવશ્ય ધ્યાન ખેંચે છે. તેના પ્રચલિત અર્થો 'રૂપકાલંકાર' યા 'રૂપક તાલ' ઇત્યાદિ અહીંયાં બેસતા નથી. પરન્તુ ઉપર્યુલ્લિખિત ચારણ કવિ શ્રીધરની કૃતિ 'સપ્તશતી કિંવા ઇશ્વરી છંદ' ('શાસ્ત્રીપાઠ છંદ')માં આ શબ્દ જે અર્થમાં વાપરેલો છે તે યાદ આવે છે. શ્રી. કેશવરામ શાસ્ત્રીની વ્યાખ્યા[1] પ્રમાણે ત્યાં '૧૬ જુદા-જુદા છંદના ઝૂમખાને ૧ રૂપક' કહેવાય છે. શાસ્ત્રીજીએ કરેલા વિવરણથી જ્ઞાત થાય છે કે આવા 'રૂપક'માં જે છંદો વપરાયેલા છે તેમાંના દરેક છંદનું એક એક પદ્ય બન્યું છે. પ્રાચીન કવિતાના આરંભિક અને અંતિમ ટુકડાને છોડીને અને 'રૂપક' સંજ્ઞાથી યુક્ત ટુકડાઓને આગલ પાછળના 'પૂર્વછાયુ'વાળા ટુકડાઓને ગણીને ભિન્ન છંદોના બરાબર ૧૬ ટુકડા થાય છે. ફરક આટલો છે કે તે ૧૬ ટુકડા એકસરખા નહીં પણ નાના મોટા છે. વ્યવહારમાં 'રૂપક' 'રૂપિયા' શબ્દનો સંબન્ધ ૧૬ સંખ્યા (૧૬ આના) સાથે હોય છે. એટલે સંભવ છે કે (કદાચિત્ કોઈ પ્રાચીન રૂઢિને અનુસાર) આપણા કવિ, કંઇક અંશથી શ્રીધર કવિની માફક, ભિન્નભિન્ન છંદોના ૧૬ ટુકડાના કાવ્યને અને તેની અન્તર્ગત થતા છંદોને આવી રીતે સૂચવવા ચાહતા હશે. આવી જાતનું વધુ સાહિત્ય પ્રકાશમાં આવશે ત્યારે જ આ વાતનો પૂરો નિર્ણય થઈ શકશે.

---

૧. ભાગ ૧, પૃ. ૩૦૨; જૈ. ગુ. ક. ૩ પૃ. ૨૧૦૯.—

મોતીદામ (પદ્ય ૪૩-૪૮), ત્રિભંગી (પદ્ય ૫૪-૫૭) અને ભુજંગપ્રયાત છંદ (પદ્ય ૮૩-૧૨૭)ને માટે જે દેશીઓ આપવામાં આવેલ છે તે સ્વ. દેસાઈની દેશીઓની સૂચીમાં મળતી નથી.[1]

## સારાંશ

શંખેશ્વર પાર્શ્વનાથ છંદનો **સારાંશ** નિમ્નલિખિત છે:—

પદ્ય ૧-૭: સંસ્કૃતમાં શંખેશ્વર પાર્શ્વનાથની પ્રશંસા અને પ્રાર્થના

૮: ગુજરાતીમાં એમની સ્તુતિ

૯ ૧૩: સરસ્વતીની સ્તુતિ

૧૪-૧૮: પાર્શ્વનાથનો મહિમા

૧૯-૫૧: પાર્શ્વનાથનાં તીર્થસ્થાનોની અને બિંબોની નામાવલી. આ નામાવલીમાં ઘણાંખરાં વિચ્છેદ થયેલાં તીર્થો અને પ્રાચીન બિંબોનાં નામો છે. દિલગીરી એ છે કે 'કેસરિઓ' 'મનરંજનો' (૨૨), 'વેલુ' (૨૪), 'પુરંદરો', 'કલાધરો' (૨૬), 'ભીભંજનો' (૨૭), 'ભલેસ' (૩૨), 'અશોક', 'આસાફલી', 'ખુડાવલી', (૩૮), 'ભોયણો', 'ચોઢણો' (૩૯), 'જોધપુરો' (૪૦) જેવા કેટલાક શબ્દો કેવળ વર્ણનાત્મક વિશેષણો છે કે તે બિંબોનાં વ્યક્તિવાચક વિશેષ નામો છે એનો નિર્ણય કરવો પુરાવાના અભાવે કઠણ છે. લહિયા પોતે પણ તે સંબન્ધી શકમાં પડ્યા લાગે છે, કારણ કે ત્રણે પ્રતોમાં તીર્થો અને બિંબોનાં વિશેષ નામોની ગણત્રી કરવા માટે તેની પછવાડે લખેલા આંકડાઓમાં ફરક છે; એટલે આ ન્યૂનતા અમારા સંશોધનમાં ક્ષન્તવ્ય ગણાશે.

૫૨-૬૦ પાર્શ્વનાથના ગુણોનું વર્ણન.

૬૧-૮૧ પ્રભુની ભક્તિના પ્રભાવથી મહાભયનાં કારણો (દરિદ્રતા, કુષ્ઠરોગ, સમુદ્રતોફાન, અગ્નિ, સાપ, લુટારા, ઘાતક દુશ્મનો, વાઘ, હાથી, યુદ્ધ, તાવ, બંધન, દુષ્ટ ગ્રહો, વાંઝપણું, ડાકણો, ઝેર, ચક્ષુરોગો વગેરે) દૂર થાય છે અને સુખશાન્તિ, વિદ્વત્તા, કવિત્વશક્તિ આદિ ઇષ્ટ ફલ પ્રાપ્ત થાય છે.

૮૨-૮૭ પાર્શ્વનાથના જીવનચરિત્રમાંની કેટલીક ઘટનાઓનું સંક્ષિપ્ત વર્ણન છે.

૮૮-૯૪ ભગવાનના જીવનમાં ષટ્ચક્ર-યોગ તથા પ્રાણાયામ સહિત હઠયોગની યુક્તિયુક્ત યોજના.

૯૫-૧૦૭ ભગવાનના જીવનમાં 'વિવેક' અને 'મોહ'ના મહાયુદ્ધની, શ્રીજયશેખરસૂરિ વિરચિત 'प्रबोधचिन्तामणि'[2] અને તેના આ જ કવિકૃત ગુજરાતી સાર 'ત્રિભુવનદીપકપ્રબન્ધ'ને[3] અનુસાર રૂપકાકારે, કલ્પના.

---

૧. જૈ. ગુ. ક. ૩ પૃ. ૧૮૩૩ આદિ. ૨. જુઓ આ ગ્રન્થનું ભાષાન્તર, 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર સં. ૧૯૬૫. ૩. જુઓ મૂલગ્રન્થ, પં. લાલચન્દ્ર ભ. દ્વારા સંપાદિત, શ્રી જૈનધર્માભ્યુદય ગ્રન્થમાલા, સં. ૧૯૭૭.

૧૦૮-૧૨૧ પાર્શ્વ 'ભગવાન'નાં ૧૦૮ નામ.

૧૨૨-૧૨૭ પાર્શ્વ મન્ત્રો (વિશેષતઃ 'अट्टे–मट्टे–मन्त्र' અને 'विसहरफुलिंग–मन्त्र')નું મહત્ત્વ.

૧૨૮-૧૩૨ પ્રશસ્તિઃ—તેમાં આવેલા કવિના ગુરુશ્રી ભાનુમેરુ અને તે વખતના ગચ્છપતિ શ્રીવિજયસુન્દરસૂરિનાં નામોના ઉલ્લેખોનું વિવેચન ઉપર કરવામાં આવ્યું છે. પદ્ય ૧૩૦ પ્રમાણે કવિએ આ કૃતિને મંગળવાર આસો વદિ ૯ સં. ૧૬૫૬ના દિવસે પુષ્ય નક્ષત્રમાં પૂર્ણ કીધી છે. પદ્ય ૧૩૦ અને ૧૩૧માં કવિ પોતાની કૃતિને 'છંદ' તરીકે ઓળખાવે છે, તેથી આ જ નામ કાયમ રાખવામાં આવ્યું છે (યદ્યપિ 'અ' અને 'ડ' સંજ્ઞક પ્રતોની પુષ્પિકામાં 'પ્રબંધ' અને 'સ્તવન' આ શબ્દો આપવામાં આવેલ છે અને સ્વ. દેસાઇએ આ કવિતાને 'શંખેશ્વર સ્તવન'ના નામથી ઓળખાવી છે).[1]

## ગ્રંથનું મહત્ત્વ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ વિશેષતઃ તેમાં ભરપૂર ભરેલા પ્રભુભક્તિરસથી, તેની ચારણી કવિતાનું સ્મરણ કરાવનાર પ્રૌઢ ભાષાથી અને તેના પ્રાકૃતિક રાગ અને તાલ વડે વિશિષ્ટ મનોહર કવિત્વશૈલીથી આકર્ષક ગણાશે. તત્ત્વજ્ઞાનના વિશેષજ્ઞ વાચક તેમાં જગ્યાએ જગ્યાએ પ્રકટ થતી આ વિષય સંબન્ધી કવિની ગંભીર વિદ્વત્તા તથા હઠયોગ વગેરે ગહન સિદ્ધાન્તોને મનોહર અને સુબોધ રીતે તીર્થંકરના જીવનચરિતમાં ઉતારવાના તેમના કૌશલ્યની પ્રશંસા કરશે. ઇતિહાસવેત્તા તેમાંની પ્રાચીન તીર્થસ્થાનોની નામાવલીથી આકર્ષિત થશે; અને વળી ભાષાશાસ્ત્રના અભ્યાસી 'સેલહત્થ', 'તલાર' વગેરે પ્રાચીન શબ્દોના તથા ચો,–ચી,–કો,–કી,–સો,–રો જેવા પ્રત્યયોના તેમાં થતા પ્રયોગોને પોતાના વિષયને માટે અમૂલ્ય ગણશે. એટલે અનેક અપેક્ષાથી આકર્ષક આ કૃતિ અહીં પ્રકાશમાં લાવવામાં આવી છે તે અસ્થાને નહીં ગણાશે.

## ૨. 'ત્રણસો પાંસઠ પાર્શ્વ–નામમાળા'

### કવિ અને તેમની કૃતિઓ

'ત્રિણિસિ પાંસઠિ પાસ-નામમાળા' (અર્થાત્ 'ત્રણસો પાંસઠ પાર્શ્વ–નામ–માળા') નામની કવિતા તેની અંતિમ પ્રશસ્તિને અનુસાર તપાગચ્છના **વિજયસેનસૂરિ**શિષ્ય શ્રી**વિમલહર્ષ** વાચકના શિષ્ય અને શ્રી**રત્નહર્ષ**ના ગુરુભાઈ શ્રી**પ્રેમવિજયજી** દ્વારા સં. ૧૬૫૫માં **ખંભાતના અકબરપુર** નામના પરામાં વિરચિત છે. શ્રીવિજયસેનસૂરિ અકબર બાદશાહના પ્રતિબોધક શ્રીહીરવિજયસૂરિના શિષ્ય અને તપાગચ્છના ૫૯ મા આચાર્ય હતા.

---

૧. જૈ. ગુ. ક. ૩ પૃ. ૭૫૫.

એમનું અને શ્રીવિમલહર્ષનું નામ મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી દ્વારા અકબર અને હીરવિજયસૂરિના ઇતિહાસના વિષયમાં કરેલી શોધખોળથી પ્રસિદ્ધ છે.[1]

શ્રીપ્રેમવિજયજી પોતે એક ગુજરાતી કવિ તરીકે નામાંકિત છે. તેમની કૃતિઓ નિમ્નલિખિત છે:–

(૧) ઉપર્યુલ્લિખિત 'પાર્શ્વનામમાળા' સં. ૧૬૫૫
(૨) 'તીર્થમાળા', સં. ૧૬૫૯
(૩) 'આત્મશિક્ષાભાવના'. સં. ૧૬૬૨
(૪) 'શત્રુંજયસ્તવના આદિનાથવિનતિ'
(૫) 'ધનવિજયપન્યાસ રાસ'
(૬) 'વસ્તુપાલ તેજપાલ રાસ', સં. ૧૬૭૭
(૭) 'સીતા સતી સજ્ઝાય'

આ સાત કૃતિઓમાંની છેલ્લી ૬ કૃતિઓ 'જૈન ગુર્જર કવિઓ'માં[2] ઉલ્લિખિત છે, જ્યારે કે પહેલી કૃતિ હજુ સુધી અપ્રસિદ્ધ છે. માત્ર 'જૈન સત્ય પ્રકાશમાં'[3] પ્રકાશિત 'કંઈક શંખેશ્વર સાહિત્ય' આ શીર્ષકના મારા એક નિબંધમાં તેનું નામ સૂચિત કરવામાં આવ્યું હતું.

## પ્રત

અહીં આ કવિતાને ઉજ્જૈનના શ્રી સિંધિયા ઓરિયેંટલ ઇન્સ્ટિટયૂટની પ્રત નં. ૬૩૯ના આધાર પર પહેલી વાર પ્રકાશિત કરવામાં આવે છે. ઉક્ત પ્રત ૯''×૪''ના મોટા કાગળનાં ૬ પત્રોની છે. દરેક પત્રના મધ્ય ભાગમાં એક ચોરસ આકારનું સ્થાન શૂન્ય રાખવામાં આવ્યું છે. જેના કેન્દ્રમાં (બન્ને કિનારીઓ પર* જેમ) એક વર્તુલાકાર લાલ રંગથી ભરવામાં આવ્યું છે. દરેક પૃષ્ઠ પર સાધારણ દેવનાગરીના ૨૫ અક્ષરોની ૧૦ લીટીઓ કાળી શાહીથી લખેલ છે. આરંભમાં 'ભલે મીંડુ' અને અંતમાં નિમ્નલિખિત પુષ્પિકા લખેલ છે:—'इति त्रणिसि पांसठि पास जिननी मालाबत्रीसी संपूर्णः श्री'. આ પ્રત વધારે પ્રાચીન દેખાતી નથી અને અશુદ્ધ પણ છે. પરંતુ પ્રસ્તુત ગ્રંથની આ એક જ પ્રત ઉપલબ્ધ થઈ છે, એટલે આનો આધાર રાખવો જ પડ્યો. આ કારણથી રહી ગયેલી ખામીઓ માટે વાચક ક્ષમા કરશે એવી આશા છે.

## કવિતા

વાસ્તવમાં આ કવિતા માત્ર **પાર્શ્વનાથતીર્થસ્થાનો**નાં નામોની સ–પ–ન–મ–લ–હ–વ–ભ–જ–બ–ર–ખ–ગ–ઘ–ધ–ત–થ–ફ–ડ–ઢ–છ–ક–અ–ચ–દ તથા પરચૂરણ અક્ષરો, એ જ ક્રમમાં ગોઠવેલી રસ-રહિત સૂચી છે. માત્ર અંતિમ પદ્યોમાં શંખેશ્વરતીર્થના ઇતિહાસના કેટલાક ઉલ્લેખો અને

૧. જુઓ મુનિ વિદ્યાવિજય, 'સૂરીશ્વર અને સમ્રાટ', શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા
૨. ભાગ ૧ પૃ. ૩૯૭ ૩૯૮ અને ૩ પૃ. ૮૮૫ ૮૯૦ તથા જૈ.સા.સં.ઇ. પૅરા ૮૯૬.
૩. ડિસંબર ૧૯૪૫ પૃ. ૭૩

કવિની પ્રશસ્તિ આપવામાં આવેલ છે.

છંદની દૃષ્ટિએ નિમ્નલિખિત ભાગો છેઃ–

(૧) પદ્ય ૧-૮ 'આદીશ્વર વિવાહલ્લાની દેશી', 'માઇ ધન સુપનનુ ધન જીવી તોરી આજ'[૧]

(૨) ૯-૧૭ 'સમેતશિખરતી ચૈત્ય પ્રવાડીની દેશી', 'શાંતિ જિનેસર નમીય પાય, મનવંછિત કામી'

(૩) ૧૮-૨૨ 'મમ કહ મમ કહ દેવર આણી નહી તે વાલી રે' આ દેશી

(૪) ૨૩-૩૧ 'કપૂર હોઇ અતિ ઉજલું રે, વલીય અનોપમ ગંધ રે બહિની, જેહની જેસ્યું રંગ' આ દેશી[૨]

(૫) ૩૨ કલશ

ઉપર્યુક્ત દેશીઓમાંની માત્ર પહેલી અને છેલ્લી દેશી વધારે પ્રસિદ્ધ છે.

આ **કવિતાનું મહત્ત્વ** વિશેષતઃ આ ત્રણ વાતોમાં રહેલું છેઃ એક તો તે એક જાણીતા મુનિરાજ અને કવિની કૃતિ છે; બીજું, તે ઘણી પુરાણી છે; અને ત્રીજું, કવિના વખતમાં અર્થાત્ આશરે ૩૫૦ વર્ષ પહેલાં, કેટલાં બધાં પાર્શ્વબિંબો ઉપલબ્ધ હતાં તેનું ભાન તે કરાવે છે.

## ૩ 'વૃદ્ધ ચૈત્યવન્દન'

પોતાના સં. ૧૬૭૦માં વિરચિત 'કુમારપાલરાસ'માં[૩] સુપ્રસિદ્ધ શ્રાવક કવિશ્રી ઋષભદાસ પૂર્વકાલીન ગુજરાતી કવિઓનો ઉલ્લેખ નિમ્નલિખિત શબ્દોમાં કરે છેઃ—

> 'આગિં જે મોટા કવિરાય, તાસ ચરણરજ ઋષભાય
> લાવણ્ય, લીંબો, ખીમો, ખરો, સકલ કવિની કીરતિ કરો.
> હંસરાજ, વાછો, દેપાલ, માલ, હેમની બુદ્ધિ વિશાલ,
> સુસાધુ હંસ, સમરો, સુરચંદ, શીતલવચન જિમ શારદ ચંદ.
> એ કવિ મોટા બુદ્ધિ વિશાલ, તે આગલિં હું મુરખ બાલ.'

જે **કવિ ખીમા**નું નામ આ પદ્યોમાં આવ્યું છે તેમની હજુ સુધી ફક્ત એક જ કૃતિ, અર્થાત્ પેલી 'શત્રુંજય ચૈત્ય પ્રવાડી' ઉપલબ્ધ છે કે જે પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરિની 'પ્રાચીન તીર્થમાળા સંગ્રહ', ભાગ[૪]

૧. જૈ. ગુ. ક. ૩ પૃ. ૧૯૮૫ (નં. ૧૪૨૨)માં આ દેશીની વિગત કંઇક જુદી છે.

૨. જૈ. ગુ. ક. ૩ પૃ. ૧૮૬૫ (નં. ૩૦૫) તથા પાઠાંતર સહિત પૃ. ૨૦૮૬ (નં ૨૧)

૩. જૈ. ગુ. ક. ૧. પૃ. ૪૧૮ અને ૧૬૨

૪. શ્રી યશોવિજય જૈનગ્રન્થમાળા, ભાવનગર, વિ. સં. ૧૯૭૮, પૃ. ૧૯૫ તથા પ્રસ્તાવના પૃ. ૪૫

૧ માં પ્રકાશિત થઈ છે એમ સ્વ. દેસાઈનો મત છે.[1] શ્રીવિજયધર્મસૂરિજીએ બતાવ્યું છે કે આ કવિતાના કર્તા ખીમો વિ. સં. ૧૩૭૮ની પછી અને વિ. સં. ૧૬૧૯ની પહેલાં વિદ્યમાન હતા. ઉપર્યુક્ત ખીમો અને 'જયણા ગીત'[2]ના કર્તા ખીમ એક જ વ્યક્તિ હોય તે બનવાજોગ છે.

આ કવિ ખીમાની હમણાં જ એક ત્રીજી કૃતિ હસ્તગત થઇ હોય એમ લાગે છે. તે સિંધિયા ઓરિયેંટલ ઇન્સ્ટિટયૂટની હસ્તલિખિત પ્રત નં. ૬૫૮૪માં મળી આવેલું ૮ પદ્યોનું **'વૃદ્ધ ચૈત્યવન્દન'** છે કે જે અહીંયાં પ્રકાશિત કરવામાં આવે છે. તેના કર્તાનું નામ 'ષેમો' લખેલું છે. તે શૈલી અને ભાષાની દષ્ટિએ ઉપર્યુક્ત ચૈત્યપ્રવાડીને અત્યંત મળતી છે. તેમાં રાણકપુરના 'નલિની ગુલ્મ વિમાન'ને મળતું પ્રસિદ્ધ મંદિર અને તેમાંના ચતુર્મુખ ઋષભદેવનો ઉલ્લેખ છે. આ બિંબની પ્રતિષ્ઠા વિ. સં. ૧૪૯૬માં થઈ હતી[3] તેથી તેનો રચનાકાલ તે પછીનો જ સાબિત થાય છે.

જો આ કવિતા ખરેખર ઋષભદાસ કવિ દ્વારા ઉલ્લિખિત પ્રસિદ્ધ ખીમાની કૃતિ હોય તો તે જરૂર કંઇક મહત્ત્વ ધરાવે છે. બાકી તે ધાર્મિક ભક્તિ-ભાવના અને કવિત્વના દષ્ટિકોણથી પણ પ્રકાશિત થવા લાયક છે.

ઉપયુક્ત પ્રતનું એક જ પ્રાચીન દેખાવનું જીર્ણ પત્ર છે કે જે પર ૪૦ સાધારણ દેવનાગરી અક્ષરોની ૧૩ અને ૧૧ લીટીઓ લખેલી છે, અક્ષરો કાળા અને વિરામો તથા બાજૂઓની કિનારીની રેખાઓ લાલ શાહી-થી લખેલી છે. સુધારા પીળી હરિતાલથી કરેલ છે કે જેનો કાળો થયેલો રંગ પ્રતની પ્રાચીનતાનો સાક્ષીભૂત છે. આરંભમાં "ભલે મીંડું" અને અંત-માં "इति श्रीवृद्धचैत्यवंदन॥ संपूर्ण॥" આ પુષ્પિકા છે.

## છેવટનું

પૂજ્યપાદ મુનિરાજ શ્રીજયંતવિજયજી મહારાજે આ પુસ્તિકાનું નિરી-ક્ષણ કર્યા પછી વિશેષ તીર્થસ્થાનોના વિવેચન સંબન્ધીની કેટલીક બહુમૂલ્ય સૂચનાઓ કીધી છે જેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વળી પરમપૂજ્ય ગુરુજી મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી મહારાજ તરફથી આ નાનકડી કૃતિનાં સંશોધન અને સંપાદનમાં જે અમૂલ્ય સલાહ અને ઉત્તેજના મળી છે તેના પ્રતાપથી જ તે પ્રકાશમાં આવવા પામી, જો એમ કહું તો ચાલે; એટલે બંને મહાત્માઓનો સાદર ઉપકાર માનવા અંતરાત્મા મને પ્રેરે છે.

ઉજ્જૈન, ગુડી પડવો
વિ. સં. ૨૦૦૩ (૨૩-૩-૪૭)

**શાર્લોટે ક્રાઉઝે**

---

૧. જૈ. ગુ. ક. ૧. પૃ. ૧૬૨. ૨. જૈ. ગુ. ક. ૩. પૃ. ૪૯૬
૩. જૈ. સા. સં. ઇ. પૈરા ૬૬૫

# આ ગ્રંથમાં ઉલ્લિખિત સાહિત્યની સૂચી

૬૬ 'સાથ'=કાફલો (सार्थ); 'ઝોટા'=ઝોટિંગ, ગુંડા; 'ધીગટ'=ધીંગું અથવા ધીંગડ (ધીંગડ મલ્લમાં જેમ), મજબૂત; 'ઉદ્ધંસ'=ઉદ્ધ્વસ્ત; 'પાસ પાખે' ઇત્યાદ=પાર્શ્વનાથ સિવાય બીજો કોણ દયાવાન.–

૬૭ 'ન બિહે પાતક'=પાપથી ન બીએ તેવા; 'પાડંતિ બારે'=બારો, અર્થાત્ ધાડો પાડે છે તેવા; 'વિષ દીવારે'=ઝેર અપાવે છે તેવા; 'આગલ રહી'=પાસે રહીને; 'તે શત્રું' ઇત્યાદિ=(તારા ભક્તોને માટે કે) જેઓ તને હમેશાં મનમાં યાદ કરે છે તેઓને માટે આવા શત્રુઓ પણ મિત્રો બને છે.–

૬૮ 'તિષિણ દાઢા'=તીક્ષ્ણ દાઢ જેને હોય તેવા; 'જીહ'=જીભ; 'હરિકુંભ ફોયણ'=હાથીઓના કુંભસ્થલ ફોડે તેવા; 'મૃગ હોઇ મૃગપતિ' ઇત્યાદિ= સ્વામીના નામના પ્રતાપથી આવા વાઘો હરિણ સમાન અને આવા દીપડાઓ યા ચિત્તાઓ સસલા સમાન થાય છે.—

૬૯ 'કરે તરૂ શતખંડ એ'=વૃક્ષોના સો સો ટુકડા કરે તેવા; 'ક્રોધાંધ ધાઇ'=ક્રોધથી આંધળા જેવા બનીને દોડી આવે છે તેવા; 'તૂહ પસાઇ' ઇત્યાદિ=તારા પ્રસાદથી આવા હાથી સૌમ્ય થાય છે.—

૭૦ 'ભાથી'=ભાથાવાલા, તુણીરવાળા; 'તુહ પાય' ઇત્યાદિ'=તારા પાદના સ્મરણથી (ભક્તજનો) આવા મહાયુદ્ધમાં પણ જયલક્ષ્મીના વર બને છે.

૭૧ 'એકાંતર દુર્જ્વર'=એકાંતરો નામનો દુષ્ટ તાવ.—

૭૨ 'ડીલે'=શરીરે; 'જકડ જૂડ્યા'=જકડીને બાંધેલા; 'દુર્માર મારે'= ભયંકર રીતે મારે; 'દુષ્ટ દોષી વસિ પડ્યો'=કોઇ દુષ્ટ દોષી માણસ એમના વશમાં આવેલા(પ્રભુ ભક્તને મારે).—

૭૩ 'ભૌમ બુધ બલ-બુદ્ધિ કરો'=મંગલ એમને બળ, અને બુધ બુદ્ધિ આપે; 'સુરગુરૂ'=બૃહસ્પતિ; 'તુહ પાય-પ્રીતો'=તારા ચરણો સાથે પ્રેમ રાખનાર.—

૭૪ 'હોઇ જસ સભર્તૃકા'=સભર્તૃકા સ્ત્રી તરીકેનો યશ પ્રાપ્ત થાય છે; 'તુહ ધ્યાન'=તારા ધ્યાનથી.–

૭૫ 'ભોગાદિક ગ્રથ્યા'=સંકટ વગેરેથી ગ્રસ્ત.—

૭૬ 'કનક તરૂ'=ધતૂરો; 'શરટક-શિરં'=સરડાનું શિર; 'અહિવિષ'=અતવખ; 'મંત્રો'=મંત્રના બળથી; 'નાસનપરો'=નાશ પામે છે.—

૭૭ 'વાષધબિંદુ'=વાખદ; 'તે દોષ' ઇત્યાદિ=આવી (રોગ-ગ્રસ્ત) આંખોને તું, હે દોષ-નિવારણ કરનાર, નિર્મળ કરે છે.—

૭૮ 'મરસ'=મારિષ, પૂજ્ય પુરુષો; 'રયણ' રત્ન; 'તુહ ચરણ' ઇત્યાદિ =ભક્તપરિવાર તારા ચરણોની સેવારૂપે આ ફળ પ્રાપ્ત કરે છે.—

૭૯ 'પય'=પગ.–

૮૨ 'ખંડણ ખંપણ ખોડિ'=ખોડ ખાંપણનું ખંડન કરે તેવા; 'દુખંગમાં' ઇત્યાદિ=મહામાની દોંગા માંહેનો મદ મોડી લે.—

૮૩: પદ્ય ૮૩થી ૧૨૭ સુધીના ફકરાઓમાં પ્રતિ લીટીના આરંભમાં વપરાયેલા 'કિં તુ', 'કિં તે' ઇત્યાદિ અક્ષરો કવિ શ્રીસારે પણ પોતાની 'શ્રીફલ-વર્દ્ધી પાર્શ્વનાથ સ્તુતિ'માં વાપર્યા છે (જુઓ 'શ્રી શ્રીસારવાચક વિરચિત શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથ સ્તુતિ' આ શીર્ષકનો મારો નિબંધ 'જૈન સત્ય પ્રકાશ', વર્ષ ૧૧, અંક ૫, પૃ.૧૩૬); આપણી કવિતામાં તેમાં પ્રાયઃ દ્વિતીય પુરુષ એક વચનનું સર્વનામ સમજી શકાય છે; કોઈ વાર તેને 'પરંતુ' યા 'કાં તો' આ અર્થ લાગુ પડે છે અને અને કોઇ જગ્યાએ તે નિરર્થક પણ છે.—

૮૪ કમઠ અને ધરણપતિ (ધરેન્દ્ર) સંબંધીનો પાર્શ્વનાથચરિત્રમાંનો વૃત્તાન્ત સુપ્રસિદ્ધ છે; 'સો'કરિઉ'=સાથે કર્યો; 'એક હેલા'=એક ક્ષણમાં; 'તાસ પત્ની' ઇત્યાદિ=તેની (ધરણેન્દ્રની) પત્નીએ(પદ્માવતીએ)આનંદ માન્યો.—

૮૫ કુશસ્થલ નગરીના રાજા પ્રસેનજિતની પુત્રી પ્રભાવતીના અનિષ્ટ વર મ્લેચ્છ રાજાને શ્રીપાર્શ્વનાથે પરાજિત કર્યો અને તે રાજકુમારી સાથે લગ્ન કર્યું હતું; આ વૃત્તાન્ત પણ પ્રસિદ્ધ છે; 'નામઇ'=નામ નિશાનથી; 'પુરી પ્રસેનજિત્ કરી ખેમે'=પ્રસેનજિતની રાજધાની નિરુપદ્રવ કીધી.—

૮૬ 'માત વામા'=પાર્શ્વનાથની માતા વામાદેવી; 'રાજ નરકાંત' ઇત્યાદિ=રાજ્યના (અર્થાત્ રાજા થવાના) પરિણામે નરકની ગતિ મળે એમ જાણીને તેં રાજ્ય કરવું સ્વીકૃત નથી કીધું; 'પાઇ'=પગથી, કારણ કે પાર્શ્વ-નાથના પિતાની રાજધાની કાશી હતી, તેથી ત્યાંની ગંગાનું પાણી તેમના પગના સ્પર્શથી પવિત્ર થયું.—

૮૭ 'કમઠ ઉપસર્ગ' ઇત્યાદિ=જ્યારે કમઠે વિવિધ ઉપસર્ગો સર્જ્યા ત્યારે તું તેથી પલાયન થયો નથી. એટલે ધ્યાનભ્રષ્ટ નથી થયો, પરંતુ ક્ષમા રસ કાયમ રાખવામાં સફળ થયો.—

૮૯ 'પવન પૂરી'=શ્વાસ ભરીને (અર્થાત્ હઠયોગની પરિભાષા પ્રમાણે પૂરક કરીને); 'કિ તૂં ચ્યારિ પષિ વ્યાપીઉ ચતરજ્ઞાને'=જ્ઞાનના ચારે પ્રકારો (અર્થાત્ યોગમાં માનેલા સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ જ્ઞાન) વડે કરીને તેં ચારે પક્ષોને વ્યાપ્ત કીધા (અર્થાત્ જગતના ચારે અંતોને, વિશ્વને, અથવા પૂર્વોક્ત ચારે જ્ઞાનના ચાર પ્રકારના વિષયોને, યા તો મંત્રયોગ હઠયોગ લયયોગ અને રાજયોગ, આ ચારે પ્રકારના યોગના વૈરાગ્યના ચાર પ્રકારોને, યાને મૃદુ મધ્યમ અધિમાત્ર અને પરવૈરાગ્યને, અથવા જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અને તુરીયા આ ચાર અવસ્થાઓને).—

'ષટ્-ચક્ર'=હઠયોગમાં માનેલાં શરીરમાંનાં છ ચક્રો:—

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) આધાર | ચક્ર | ૪ | દલના | કમલ | સમાન | ગુદાના | પ્રદેશમાં |
| (૨) સ્વાધિષ્ઠાન | ,, | ૬ | ,, | ,, | ,, | લિંગ ,, | ,, |
| (૩) મણિપૂરક | ,, | ૧૦ | ,, | ,, | ,, | નાભિ ,, | ,, |
| (૪) અનાહત | ,, | ૧૨ | ,, | ,, | ,, | દિલ ,, | ,, |
| (૫) વિશુદ્ધ | ,, | ૧૬ | ,, | ,, | ,, | કંઠ ,, | ,, |
| (૬) આજ્ઞા | ,, | ૨ | ,, | ,, | ,, | બન્ને ભ્રૂની | વચમાં |

'અમોલ'=અમૂલ્ય.—

૯૧ 'માઈ'=માતૃકા, બારાખડી; 'વર્ણાવલી દલે દીધી'=તેં તે છ કમળરૂપી ચક્રોના પ્રતિદલ ઉપર વર્ણાક્ષરોની શ્રેણી (હઠયોગના નિયમ પ્રમાણે) આલેખી; 'રોલંબની શ્રેણી'=ભમરાની પંક્તિ (અર્થાત નીચેથી લઇ કરીને છ ચક્રોને ભેદીને સહસ્ર-દલ કમલ સુધીનો સીધો રસ્તો); 'કુંડલી શક્તિ'=શરીરના નીચેના ભાગમાં સૂતેલી કુંડલિની શક્તિ, કે જેને જગાડવાની અને પીયૂષ (અમૃત)નું પાન કરાવવાની કલ્પના પણ હઠયોગને અનુસાર છે.—

૯૨ 'સહસ્રદલ કમલ', અર્થાત્ છ ચક્રોની ઉપર, મસ્તકની અંદર માનેલું સ્થાન કે જ્યાં યોગીના આત્માનો પરમાત્મા સાથેનો સંયોગ યોગના અંતિમ પરિણામસ્વરૂપ કલ્પિત છે; 'તહી તેજ ઋદ્ધે'=ત્યાંની ઋદ્ધિમાં અથવા ત્યાં પ્રકાશના સમૂહમાં; 'નાદ અનહદ વાજિંત્ર રાતો'=વાજિંત્ર દ્વારા નહિ આહત થયેલા નાદ (હઠયોગના 'અનાહત નાદ')માં લીન થયો; 'પાન પીયૂષ' ઇત્યાદિ= તું અમૃતપાન કરતાં પૂરી રીતે મસ્ત રહ્યો.—

૯૩ 'નેદ્રાયો'= તું દ્રવ્યો નથી, ઢીલો યા ચલાયમાન થયો નથી, 'પરમહંસા' ઇત્યાદિ=આત્મા પોતાની જાતને પરમહંસ, અર્થાત્ પરમાત્મા-રૂપ સમજીને=સોઽહમ્' અર્થાત્ 'આ (પરમાત્મા) હું જ છું.' આમ જાપ્યા કરે છે; 'ભાવરિપુ'=શત્રુ જેવો વ્યવહાર રાખનાર; 'મોહ જોહ'=મોહ નામનો

યોદ્ધો ('જોહ' શબ્દ સંસ્કૃત 'યોદ્ધા'નું પ્રાકૃત રૂપ છે; આ મોહ લડવૈયા સાથેના યુદ્ધનું વર્ણન આગળ આવશે.—

૯૪ 'ઇડા, પિંગલા, અને સુષુમ્ણા આ ત્રણે નાડીઓ-રૂપી ત્રિવેણીના સંગમમાં તેં તારા પ્રાણને નિવાસિત કીધો' (હઠયોગની કલ્પના પ્રમાણે સમાધિનું લક્ષણ આ જ છે)[1]; 'વર'=ઇષ્ટ; 'આય'=જીવનશક્તિ, પ્રાણ; 'હંસ'=આત્મા; 'ભ્રમર'=મન, ચિત્ત [2];—યોગની ક્રિયા દ્વારા તે એકત્રિત થાય છે[3]; 'કિં તૂ ઝીલીઉ' ઇત્યાદિ=તેં તેને સુષુમ્ણામાં સબળતાથી સ્થિર રાખ્યા, અર્થાત્ તું યોગની સમાધિમાં રહ્યો.—

૯૫ 'પંક'=વિષયરૂપી મળ; અહીં સુધી હઠયોગની કલ્પનાઓની શ્રેણી ચાલે છે.—

હવે આગળ મોહ અને વિવેકના યુદ્ધનું વર્ણન આવે છે. તે એક અતિ પ્રાચીન રૂપક છે જે જૈન સાહિત્યમાં વારંવાર વર્ણિત છે. આપણી કવિતા શ્રીજયશેખર સૂરિના વિ. સં. ૧૪૬૨માં વિરચિત સંસ્કૃત કાવ્ય 'प्रबोध-चिन्तामणि'[4] અને તેના આ જ કવિ દ્વારા કરેલ ગુજરાતી અનુવાદ 'ત્રિભુવન દીપક પ્રબંધ'[5] ને અનુરૂપ છે. તેનો સાર એ છે કે ત્રિભુવનનો રાજા **હંસ** (પરમહંસ, યાને પરમાત્મારૂપ આત્મા) અને તેની રાણી **ચેતના** છે. **માયા** નામની વેશ્યાને જોઇને હંસ તેણીને વશ થાય છે અને રાજ્યકાર્ય પોતાના મંત્રી **મનને** સોંપે છે. મન મંત્રી માયા સાથે પ્રેમ કરે છે અને પોતે રાજા બને છે. પહેલી પત્ની **પ્રવૃત્તિથી** મનનો જે પુત્ર થાય છે તેનું નામ **મોહ** છે. બીજી પત્ની **નિવૃત્તિથી વિવેક** નામનો પુત્ર થાય છે. મોહ રાજા થઇને **અવિદ્યાનગરી** અને વિવેક રાજા **પુણ્યરંગ પાટણ**માં રાજ્ય કરે છે; જ્યારે કે હંસને રાજ્ય છોડીને **કાયાપુરી**માં રહેવું પડે છે. **મોહની પત્ની દુર્મતિ અને** પુત્ર કામ છે. વિવેકની પહેલી પત્ની **સુમતિ** અને તેણીનો પુત્ર **વૈરાગ્ય** છે. પછી વિવેક રાજા **અર્હત**ની પુત્રી **સંયમશ્રીને**

---

૧. જુઓ हठयोगप्रदीपिका (અદ્યાર-ઇ. સન ૧૯૩૩) ૪. ૫૨.—

૨. हठयोगप्रदीपिका ૪. ૯૦:—ત્યાં ચિત્ત(અંતઃકરણ)ને ભૃંગ(ભ્રમર)ની ઉપમા આપવામાં આવે છે કે જે અનાહત નાદરૂપી મકરન્દ (પુષ્પરસ) પીવામાં લીન થાય છે.—

૩. हठयोगप्रदीपिका ૪. ૩૦.—૪) हठयोगप्रदीपिका ૪ ૫૦—

૪. ભાષાંતર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, સં. ૧૯૬૫.—

૫. સંપાદક પં. લાલચંદ્ર ભગવાનદાસ, શ્રી જૈન ધર્માભ્યુદય ગ્રંથમાળા ૨, સં. ૧૯૯૭.

પણ પરણે છે. બન્ને ભાઇઓ મોહ અને વિવેકને પારસ્પરિક મહાયુદ્ધ થવા લાગે છે, તેમાં આખરે વિવેક અર્હતની મદદથી જીતી જાય છે.—

'રાય વિવેક'=વિવેક રાજા; 'ઉપકંઠ'=પાસે; 'કટક'=સૈન્ય.—

૯૬ 'તેં નિવૃત્તિના અતિ સોહામણા પુત્ર (વિવેક) સાથે તારી પુત્રી (સંયમશ્રી)ને પરણાવી દીધી'; 'રાજ થાપ્યો'=તેં વિવેકને રાજા તરીકે સ્થાપિત કીધો; 'દુઓ આપ્યો'=આશીર્વાદ આપ્યો.

૯૭ 'સત્ય સિંહાસન':—ત્રિભુવનદીપક પ્રબંધ પદ્ય ૧૭૫; 'કિં તું આણ' ઇત્યાદિ=તેં વિવેક રાજાના મસ્તક ઉપર અર્હતની આજ્ઞારૂપી છત્ર ધારણ કરાવ્યું; 'સૌચ સંયમ' ઇત્યાદિ=તેં શૌચ અને સંયમરૂપી બે ચામરો આપ્યાં; 'તત્ત્વચિંતન પટ્ટહસ્તિ' ત્રિભુ. ૧૨૯માં પણ ઉલ્લિખિત છે.—

૯૮ 'ગુહુર'=ગોહોર કીધી, મહત્ત્વ આપ્યું; 'વિલગાડિ દીધાં'=લડવા માટે વળગાડયા; 'તેં મોહના પહેલા પુત્ર કામને વિવેકના પહેલા પુત્ર વૈરાગ્યદ્વારા પરાજિત કરાવ્યો, અને ક્ષણમાં તેં રાગ (મોહના બીજા પુત્ર) ને સંવર (વિવેકના બીજા પુત્ર) દ્વારા પરાસ્ત કરાવ્યો (ત્રિભુ. ૬૪ અને ૧૬૯).—

૯૯ 'સમરસ' વિવેકનો, અને 'દ્વેષ' મોહનો ત્રીજો પુત્ર છે (ત્રિભુ. ૬૪ અને ૧૬૯); 'નિઃશેષ'=પૂરી રીતે; 'સમકિત' વિવેકનો, અને 'મિથ્યાત્વ' મોહનો 'મુહતઉ' યાને મહેતો છે (ત્રિભુ. ૬૪ અને ૧૭૦); 'આલસ્ય' મોહનો ને 'પુરુષકાર' વિવેકનો 'દલવઇ' (दलपति) યાને સેનાપતિ છે (ત્રિભુ. ૬૭ અને ૧૭૦); 'જ્ઞાન' વિવેકનો અને 'પ્રમાદ' મોહનો 'તલાર', અર્થાત્ નગરરક્ષક (પ્રાકૃત 'તલાર') છે (ત્રિભુ. ૨૯૮, ૧૩૧, ૧૪૫, ૧૫૨, ૧૭૨, ૨૯૮, ને ૬૮).–

૧૦૦ 'શમ, વિનય, સરલ, સંતોષ' નામના શૂરવીરો દ્વારા ક્રોધ વિગેરે દૂર થાય છે (ત્રિભુ. ૩૭૩ અને ૩૭૪માં 'ઉપશમ, વિનય, સરલ, સુખ–સંતોષ' નામના યોદ્ધાઓ ક્રોધ વગેરેને હરાવે છે); 'શીલ' અને 'મદ' (ઉન્માદ) નામના પારસ્પરિક વિરુદ્ધ પક્ષોના 'સેલહથો' (ત્રિભુ. ૬૮, ૧૭૩ અને ૩૭૩માં એવું જ) છે; 'સેલહથ' યા 'સેલહત્થ' મુનિરાજ શ્રીજયંતવિજયજી મહારાજ પ્રમાણે પ્રાચીન લેખોમાં[1] 'તલાટી' યા 'પટવારી'ના અર્થમાં વપરાય છે અને શિરોહી રાજ્યમાં આ જ અર્થમાં પ્રસિદ્ધ 'સેલોથ' શબ્દની સાથે સંબંધ ધરાવે છે. આધુનિક ગુજરાતીમાં તેનાં રૂપાન્તર 'શેલોત' 'સલોત' 'શેલત' છે.—'ચાર્વાક' (ત્રિભુ. ૬૬ પ્રમાણે) મોહનો, અને

---

૧. 'અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ' લેખાંક નં. ૨ (પૃ. ૮-૯), ૪૨૬ (પૃ.૧૬૭), ૨૪૨ (પૃ. ૮૮), ૨૪૩ (પૃ. ૮૯); નાહરનો લેખસંગ્રહ ભાગ ૨, પૃ. ૨૫૬.—

'વસ્તુવિચાર' (ત્રિભુ. ૧૬૯ પ્રમાણે) વિવેકનો બાલમિત્ર છે; ત્રિભુ. ૩૭ માં 'ચાર્વાક'નું નામ 'નાસ્તિક' છે.—

૧૦૧ 'શુભધ્યાન' દ્વારા 'પરપરિવાદ' ધોવાઇ ગયો, અર્થાત્ નષ્ટ થયો (ત્રિભુ. ૧૭૨ અને ૬૮માં આ બન્ને નામો અલગ આવે છે); 'ગુરુ ઉપદેશ' અને 'અમરિષ' (પ્રાકૃત अमरिस, સંસ્કૃત अमर्ष=કદાગ્રહ, અસહિષ્ણુતા) પણ ત્યાં (૧૭૨ અને ૬૭) અલગ જ ઉલ્લિખિત છે; 'છદ્મ' (ત્રિભુ. ૬૭) મોહનો પુરોહિત છે, 'ઋજુભાવ' વિવેકનો; 'પાખંડ' (ત્રિભુ. ૬૯, ૧૪૪) મોહના દરબારનો કુકવિ છે; 'દ્રોહ્યું'=દ્રવ્યું.—

૧૦૨ 'સિદ્ધિ' અને 'બુદ્ધિ' વિવેકની, અને 'રતિ' તથા 'અરતિ' મોહની ચમરદારી જોડી છે (ત્રિભુ. ૧૭૩ અને ૬૭); 'સુપુરૂષ સંગતિ' વિવેકની, અને 'નિર્ગુણ સભા' મોહની તરફ છે ત્રિભુ. ૧૭૫ અને ૬૬); 'આગમાર્થ' વિવેકનો, અને 'સકલ–પરિગ્રહ' મોહનો ભંડારી છે (ત્રિભુ. ૧૭૪ અને ૬૯); 'ક્રિયાકલાપ' વિવેકનો, અને 'કલિકંદલ' મોહનો કોઠારી છે (ત્રિભુ. ૧૭૪ અને ૬૯); આપણી કવિતાના 'સર્વકંદલ'ના સ્થાને કદાચિત્ 'કલિકંદલ' મૂલ પાઠ હશે, અથવા યદિ 'સર્વકંદલ' હોય તો 'કંદલ' (સંસ્કૃત-માં જેમ) નિંદાના અર્થમાં સમજી શકાય છે.

૧૦૩ 'સખાઇ'=સખ્ય, મિત્રતા; 'સાતે તત્ત્વ' વિવેક રાજાનાં, અને 'સાતે વ્યસન' મોહરાજાનાં સાતે રાજ્યાંગ છે (ત્રિભુ. ૧૭૪ અને ૬૫); 'માતે'=માતું, માતેલું (અભિમાની) અથવા માત (મૃત્યુ), તે વડે કરીને.—

૧૦૪ 'જગી પ્રસીધો'=જગત્પ્રસિદ્ધ; 'મતિ મંડિ'=દિલ લગાવ્યું; 'કદી ન'=બિલકુલ નહિ; 'ચેતના' અર્થાત્ હંસ (આત્મા)ની પટ્ટરાણી.—

૧૦૫ 'કિ તુ પિંડ' ઇત્યાદિ=પિંડ (શરીર)ને તું બ્રહ્માંડ (વિશ્વ)ને અનુરૂપ જાણ્યું; 'પઇર'=પેર (પ્રકારે).—

૧૦૬ 'ત્રિણિ ગઢ'=સમવસરણના ત્રણે ગઢ; તે અને આગળ ઉલ્લિખિત રત્નસિંહાસન છત્ર, ચામર, ઇત્યાદિ દેવતાઓ કૃત તીર્થંકરોના અતિશયો છે; 'સોહ્યું'=શોભ્યો; 'સિર'=મસ્તકની ઉપર; 'ઢાળ[illegible]ત'=ઢોળાતા; 'જોયું'=દેખાયા.—

૧૦૭ 'ચ્યારિ મુખિ'=ચારે મુખો વડે (તીર્થંકરનું 'ચાતુરૂપ્ય', અર્થાત્ સમવસરણમાં ચારે દિશાઓમાંની દરેક દિશામાં એમનું એક શરીર દેખાય છે તે પણ એક દેવ–કૃત અતિશય છે); 'પરિ'=પેર (પ્રકારે); 'ચ્યાર પરિ ધર્મ ભાખ્યો'=તેં 'चाउज्जाम धम्म', અર્થાત્ 'चातुर्–याम–धर्म'ની પ્રરૂપણા કીધી (स्थाना सूत्र ૨૬૬ પ્રમાણે ભારતવર્ષના ૨૪ તીર્થંકરોમાંના પહેલા અને છેલ્લા તીર્થંકરને છોડીને, વચલા ૨૨ તીર્થંકરો પાંચ મહાવ્રતના સ્થાને માત્ર

ચાર મહાવ્રત મનાવે છે, કારણ કે તેઓના સમયમાં ચોથું (મૈથુન-વિરમણ) મહાવ્રત પાંચમા (પરિગ્રહ વિરમણ) મહાવ્રતમાં અંતર્ગત સમજાય છે; પાર્શ્વ-નાથ ભરતવર્ષના ૨૩મા તીર્થંકર હોવાથી તેઓએ પ્રવર્તાવેલો ધર્મ 'ચાતુર્યામ' જ હતો); 'નરય'=નરકમાં; 'ભવી'=ભવ્ય; 'રાખ્યો'=બચાવ્યો; 'ચતુર્વિધ સંઘ' યાને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા; 'વેગિ'=જલદી.—

૧૦૮ 'મુગતિ નારી'=મુક્તિ રૂપી સ્ત્રી.—

૧૧૦ 'સર્વ-સત્ત્વ-હિતો'=બધા જીવોનું હિત કરનાર.—

૧૧૧ 'લોકાલોકાવભાસો'=જેમાં લોક અને અલોકનું જ્ઞાન છે તેવો; 'અજિહ્મો'=કપટ-રહિત.—

૧૧૪ 'તત્ત્વમૂર્તિ થાપી'=તું તત્ત્વની મૂર્તિ તરીકે સ્થાપિત છે, અર્થાત તું મૂર્તિમંત તત્ત્વ છે.—

૧૧૬ 'ત્રિદશ જ્યેષ્ઠો'=બધા દેવતાઓમાં શ્રેષ્ઠ.—

૧૧૭ 'રૂપત્રિતયામયો'=સચ્ચિદાનંદ રૂપ.—

૧૧૯ 'કિ તૂ મનઃસ્થિતિ પ્રાણ આરૂઢ કીધી'=તેં મનને સ્થિત[1], અર્થાત સ્થિર કીધું અને તેની સાથે પ્રાણને આરૂઢ કીધો, સ્થાપિત કીધો (હઠયોગની કલ્પના પ્રમાણે).—

'કિ તૂ સર્વદેવોપમો કીર્તિ લીધી'=તેં બધાય દેવોમાંના ઉત્તમ દેવ તરીકે યશ પ્રાપ્ત કીધો છે.—

૧૨૧ 'કિ તે નહી' ઇત્યાદિ=એ તારાં બધાંય નામો (ની પૂરી સૂચી) નથી (એટલે તારાં ઘણાં વધારે નામો છે); 'બુદ્ધ થોડી'=મારી બુદ્ધિ ઓછી છે.

૧૨૨ 'કિ તુ ભક્તને' ઇત્યાદિ=તું ભક્તને માટે મુક્તિદાયક દેખાય છે, સેવક-ને તું મીઠા અમૃત રસ પાય છે; 'માયા'=માયા બીજ (ह्रीँ); 'ધરણ'=પાર્શ્વ-ભક્ત નાગકુમાર ધરણેન્દ્ર; 'પદ્માવતી'=ધરણેન્દ્રની પટ્ટરાણી; આ પદ્ય દ્વારા 'ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय ह्रीँ धरणेन्द्रपद्मावतीसहिताय' આ મંત્રાક્ષરો સૂચિત થાય છે; આગલા પદ્ય દ્વારા સૂચિત કરેલા વધુ મંત્રાક્ષરો 'अट्टे मट्टे क्षुद्र विघट्टे क्षुद्रान् दुष्टान् स्तम्भय स्तम्भय (स्वाहा)' સાથે તેનો જે મંત્ર બને છે તે 'अट्टे मट्टे मन्त्र'ના નામથી પ્રસિદ્ધ છે. જુઓ શ્રીઅજિત સિંહાચાર્યવિરચિત પાર્શ્વનાથસ્તોત્ર આદિ સાહિત્ય.[2] આપણી કવિતામાં આ મન્ત્ર કેટલાક અધિક અક્ષરો દ્વારા વધારવામાં આવ્યો છે.—

૧૨૩ 'થટે'=થડકે છે, સ્તબ્ધ થાય છે.

[1] हठयोगप्रदीपिका ૪, ૮૯ અને ૧૦૫.
[2] જૈન સ્તોત્ર સન્દોહ ૨ (૧૪), પૃ. ૯૦, અને પરિશિષ્ટ યંત્ર ૪૧-૪૩.

૧૨૪ 'પ્રણવ–બીજ', અર્થાત્ ऑँ;'માયા–બીજ' અર્થાત્ ह्रौँ; 'શ્રીકાર'–બીજ અર્થાત્ श्रौँ; 'अर्हम्'='સિદ્ધચક્ર–બીજ', 'જિનબીજ' અથવા 'અષ્ટ મહાસિદ્ધિ બીજ' આ પદ્યમાં આપેલા મન્ત્રાક્ષરો દ્વારા 'विसहरस्फुल्लिङ्ग–मन्त्र' નિમ્નલિખિત આકારમાં સૂચિત થાય છે 'ऑँ ह्रौँ श्रौँ अर्ह नमिऊण पास विसहर वसह जिण फुलिंग'; આ મંત્ર પ્રાચીન સાહિત્યમાં જાણીતો છે.[1]—

૧૨૫ 'કિમ જપીય જાણું'=તે જપતાં મને કેમ આવડે છે? એટલે નથી જ આવડતું; 'વિહાણું'=વહાણું, પ્રભાત.—

૧૨૬ 'ગ્રહી' તેને ગ્રહણ કરીને; 'ભક્તને હીયા'=ભક્તના હૃદયમાં; 'હેજે'=હેતથી, પ્રેમથી.—

૧૨૮ 'વર'=ઉત્તમ; 'કૃષ્ણ કટક નિર્જરા કરણ'=શ્રીકૃષ્ણનું સૈન્ય જરા રહિત કરનાર:—આ શબ્દો દ્વારા પેલો વૃતાન્ત ઉલ્લિખિત છે કે જેને અનુસાર દ્વારિકાના અધીશ નવમા વાસુદેવ **શ્રીકૃષ્ણ** અને રાજગૃહીના અધીશ નવમા પ્રતિવાસુદેવ **જરાસંધ**ના યુદ્ધમાં વઢિયાર દેશમાં જરાસંધનો એક વાર પરાજય થયો હતો; બન્ને લશ્કરોના પડાવો ત્યાં પડ્યા હતા ત્યારે જરાસંધે શ્રીકૃષ્ણના સૈન્ય ઉપર જરા નામની વિદ્યા છૂટી મૂકી, જેના પરિણામે શ્રીકૃષ્ણના સૈનિકો વૃદ્ધ અને રોગી થયા; શ્રીકૃષ્ણના પિત્રાઈ ભાઈ (પાછળના ૨૨મા તીર્થંકર) શ્રીઅરિષ્ટનેમિની સલાહથી આ ઉપદ્રવનું નિવારણ આવી રીતે થયું કે નાગકુમાર ધરણેન્દ્રના ભવનમાં સ્થાપિત પાર્શ્વનાથપ્રતિમા પ્રાપ્ત કરવામાં આવી અને તેનું સ્નાત્રજલ શ્રીકૃષ્ણના સૈનિકો ઉપર છાંટવામાં આવ્યું, તેથી તેઓ 'જરા–રહિત' થયા, અને જરાસંધ પરાજિત થયો; વિજયના સ્થાન પર શંખપુર નામનું નગર વસાવવામાં આવ્યું અને ત્યાંના જિનમંદિરમાં પેલી ચમત્કારિક સાત ફણવાળી મૂર્તિની સ્થાપના થઈ કે જે શંખેશ્વર પાર્શ્વનાથના નામથી આજે પણ પ્રસિદ્ધ છે[2].—

'વિજયસુન્દર' શબ્દ દ્વારા શ્લેષમાં શ્રીવિજયસુન્દર સૂરિનું નામ સૂચિત થાય છે કે જેની વિગત પ્રસ્તાવનામાં આપવામાં આવી છે.—

૧૨૯ 'આવે વર્ણ અઢાર':—જુઓ શ્રીઅમરચન્દ્ર મુનિ અને શ્રીવિદ્યાચંદ્ર ગણિનાં શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનો કે જે પ્રમાણે ૧૮ વર્ણોના લોકો આ પ્રતિમાની પૂજા–સેવા કરે[3]; 'સાર'=ઉત્તમ; 'ચંદન' ઇત્યાદિ=તારા

૧ જુઓ उवसग्गहर–स्तोत्र તથા श्रीचिन्तामणिकल्प, જૈન સ્તોત્ર–સન્દોહ ૨, પૃ. ૩૪ આદિ.—

૨ જુઓ મુનિ જયંતવિજય, શંખેશ્વર મહાતીર્થ, સં. ૧૯૯૮, પૃ. ૧૬ આદિ —

૩ "શંખેશ્વર મહાતીર્થ", ૨, પૃ. ૨૨૬ અને ૨૨૭, પદ્ય ૨૨ અને ૪૦

ચરણોને ચંદનથી ચરચે છે; 'ધાય'=(તારું) ધ્યાન કરે છે; 'કલિ કાલ માંહે આંખે અણી દેવ એક તૂ જાણીઓ'=આ આખા કળિયુગમાં તું જ દેવ તરીકે જાણવામાં આવ્યો, અથવા કળિયુગમાં આંખે આણેલો (યાની નજરે આવેલો) એક જ દેવ તરીકે તું જ જાણવામાં આવ્યો; 'મહા મ્લેચ્છ હાથ જોડાવીઆ'=તારો પ્રભાવ આવો છે કે મોટા મ્લેચ્છને પણ તારી આગળ હાથ જોડવા પડ્યા:—આ ઉલ્લેખ શ્રીજિનપ્રભુસૂરિના શંખપુરકલ્પના અંતિમ શબ્દો સાથે સંબન્ધ રાખતો દેખાય છે કે જે પ્રમાણે શંખેશ્વર પાર્શ્વનાથ તુરુષ્ક રાજાઓથી પણ પૂજાતા હતા ('तुरुक्करायाणो वि तत्थ महिमं करिंति'[1]).—

૧૩૦ "સુઉકયત્થ"=સુકૃતાર્થ; "પરમત્થ"=પરમાર્થ; "હવાં'=થયાં છે; "દૃગ્ માનસ"=આંખ તથા મન.—

૧૩૧ "હવા"= થયાં; "ભક્ત"=ભક્તના; "સૂણી"=સાંભળવાથી; "પ્રહ"=પ્રભાતે; "વીહાણ્યા"=પ્રાત:કાલ; "ગુણ–રયણ"=ગુણરૂપી રત્ન.—

૧૩૨ "શ્રી સંખેસર પાસ પાસ" આદિ=શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પાસે (તેમના શાસન દેવ) ધરણેન્દ્ર સુહાવે છે (શોભે છે); "જાસ"=જેના; "મયા"=માયા, પ્રેમ; "નયસુંદર શિષ્ય સંપતિકરણ"=(ભાનુમેરુના) શિષ્ય નયનસુંદરને (મોક્ષરૂપી) સંપત્તિ આપનાર[2].—

## ૨. ત્રણસો પૈંસઠ પાર્શ્વ-જિન-નામમાલા

આ કવિતામાં પણ કેટલાક નામો સંબંધી આ વાતનો નિર્ણય નથી થઈ શક્યો કે તે વર્ણનાત્મક વિશેષણો છે યા વ્યક્તિવાચક નામો છે.

૪ 'વ છેક'=અને છેવટે.–

૬ 'દિ સુખ'=સુખ આપે છે.–

૧૬ 'થુણો મતી'=દિલથી, ભાવનાપૂર્વક સ્તુતિ કરો; 'થીર'=સ્થિર; 'કહીય'=કહેવાય.–

૧૭ 'દેલવાડાના[3] તેરફણા જિનને વખાણું છું કે જેણે વિશેષ યશ લીધો છે'; 'નમિ સુર'=દેવતાઓ નમન કરે છે.–

૧ विविधतीर्थकल्प (सिंघी जैन ग्रन्थमाला १०) पृ. ५२

૨ શ્રી કુશલલાભ અને શ્રી નયવિમલ આના જેવા શબ્દો વાપરે છે ("જગનાથ પાસ...જયો...કવિ કુશલલાભ સંપતિકરણ" જૈ. ગુ. ક. ૧. પૃ. ૨૧૬; અને "વીર જિનવર, નયવિમલ સંપતિકરો" વર્ધમાન સ્તવનના અંતમાં)

૩ મેવાડમાંનું દેલવાડા —

૨૫ 'યાદવ દલ જીવાડીયો'=તેં (શ્રી કૃષ્ણ વાસુદેવના પક્ષનું) યાદવોનું સૈન્ય (કે જે જરાસંઘે મોકલેલી 'જરા' વિદ્યાના પ્રભાવથી વૃદ્ધ અને રોગી થયું હતું) સાજું કીધું :–શ્રીશંખેશ્વર પાર્શ્વનાથના આ ચમત્કારની વિગત ઉપર (ટિપ્પણી પદ્ય ૧૨૮માં) આપેલી છે.—

'અભયદેવ તન દીધ'=તે શ્રી અભયદેવસૂરિને (કે જે કુષ્ટ રોગથી પીડિત હતા) તન (યાને સાજું શરીર) આપ્યું:–આ પણ પાર્શ્વનાથનો (વસ્તુતઃ થંભણ પાર્શ્વનાથનો) એક ચમત્કાર છે કે જેની વિગત માટે જુઓ મુનિ જયંતવિજયજી, 'શ્રી શંખેશ્વર મહાતીર્થ' ૧. પૃ. ૪૨.—

સુપનાંતર=સ્વપ્નમાં.—

૨૬ 'નાસિ સપણે ભૂત'=સ્વપ્નની માફક નષ્ટ થાય છે.—

૨૭ 'પાંચ સિવોહણ' ઇત્યાદિઃ—આ કાંતિનગરીવાળા ધનેશ્વર યા ધનપતિ શ્રેષ્ઠી અને સ્થંભન પાર્શ્વનાથના પ્રસિદ્ધ ચમત્કારનો ઉલ્લેખ લાગે છે.–[1]

૩૦ 'પાંડવ ૫, બાણ ૫, રસ ૬, ચંદ્રમા ૧=સંવત્ ૧૬૫૫, તેના આસો સુદિ દશમીના દિવસે, ગુરુવારે, શ્રી પ્રેમવિજયજીએ આ કવિતા પૂર્ણ કીધી છે.–

૩૧ 'અકબરપુર' ખંભાતના એક પરા તરીકે પ્રાચીન સાહિત્યમાં ઉલ્લિખિત છે.–

૩૨ 'આણંદ કરૂ'=તે આનંદકારક થાય છે; 'ભરૂ'=રક્ષા કર.—

## ૩. વૃદ્ધ ચૈત્યવન્દન

૧ 'અણનઉ'=નાવ વગર.

૩ 'અઢ્ઢી દીપામાહિ'=અઢી દ્વીપરૂપી મનુષ્યલોકમાં (જંબુદ્વીપ, ધાતકી-ખંડ નામનો દ્વીપ અને પુષ્કરવર દ્વીપનો આર્ધો ભાગ); 'અહ'=અહીંયાં; 'આરાહસિ'=આરાધના કરશો.—

૭'નલિણિ વિમાન સમાન'=નલિની ગુલ્મવિમાન સદૃશ(જુઓપ્રસ્તાવના).

૮ 'સેત્રુજાની સમેવડો દેવ'=શત્રુંજયના જેવા મહાન દેવ.—

---

૧ જુઓ વિવિધતીર્થ કલ્પ–પૃ. ૧૨ ઇત્યાદિ સાહિત્ય.—

# (૩) પાઠાન્તરોની સૂચી*

આ સૂચીમાં મૂળ પ્રતોમાંના પાઠો આપવામાં આવે છે, પરંતુ જગ્યાના અભાવથી ગુજરાતી મૂળની નિમ્નલિખિત વાતોની પ્રાયઃ નોંધ કરવામાં આવી નથીઃ—

(૧) તત્સમ શબ્દોનાં અશુદ્ધ રૂપો.

(૨) વધારાના અનુસ્વારો,

(૩) સ્વર વર્ગમાં એ-ઐ, ઇ-ઉ-અ, ઉ-ઓ, હ્રસ્વ-દીર્ઘ આદિનો ગોટાળો,

(૪) વ્યંજન વર્ગમાં સ-ષ, સ-શ, ષ-ખ, વ-બ, ન-ણ, ય-જ, ત-થ-ત્થ, દ-ધ-દ્ધ, ટ-ઠ-ટ્ઠ, છ-ચ્છ આદિનો ગોટાળો,

(૫) ય-શ્રુતિ.

## ૧. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છંદ

१ अ. संकल्पम् .—

२ अ. जल्पामा.—

३ अ. ब. व्रजि; अ. सारथ; अ; दत्त्वा नो; ब. दत्वान्मे.—

४ अ. जनानिष्ट; सिंदौ.—

५ क. त्वतो.—

६ अ. द्रव्यारिमिदं.—

७ अ. नविद्या; दद्यातस्त्वं.—

८ अ. भवन; ब. न कोई; अ. ब. मृत्यं; ब. जागिउ.—

९ अ. गुणबुल्लसितत, ब. गुणल्लसित; अ. सुद्ध, ब. सरू; ब. मानं; तुसुइं दानं.—

१० ब. कल्लाणी; सासरति.—

११ ब. जीणी; कुंमारी.—

१२ ब. 'जाय नाची' આ પાઠ વિદ્યમાન નથી; दीध.—

१३ अ. जासी; ब. भावठि.—

१४ अ. निज्वर, ब. निर्झिर; ब. चच्चवे.—

१५ ब. अडयल्ल; जगि; बंधन.—

१६ ब. नवल; अछरा; अ. हस्थिमल निरा; ब. हस्तिमल्लईरा.—

* આંકડાઓ પદ્યોના છે.

१७ अ. राषि २, ब. राषिवा.—

१८ ब. कोई; अ. सपुरांणो; ब. ताहरीइं.—

१९ ब. पुहुवी; किय.—

२० ब. श्रुष.—

२२ ब. 'केसरियो मनरंजणो' આ પાઠ નથી; 'कंसारी भीडि=भंजनो' આ પાઠ બમણો છે. मुड.—

२३ ब. सो पास मुहुर पूजीयो; घूघे जसो; नव.—

२४ अ. मोडडणो; ब. 'सो वेलु पास लोडणो' આ પાઠ નથી.—

२५ अ. दक्षणश; ब. अंतरीक; स अंतरीष्य.—

२६ ब. स. भोगंदरा; ब. स. विषन्न; अमीझरू अनीझरो.—

२७ ब. स. श्री पर्व्वता.—

२८ ब. लाक पुरणो

२९ अ. नारिंग गदे.—

३० अ. दषि.—

३१ ब. आराधिइं.—

३२ ब. भत्तुं, स. भत्तु.—

३३ ब. स. विजय आदिमो

३४ अ. शौरूप, ब. 'सुरूप सोम' આ પાઠ નથી.—

३५ ब. सहीनव; ब. इडरो, स. ईदरो; ब. घुसी, ब. स. अंग साटको.—

३६ ब. स. कुर्कटेस्वरो.—

३७ ब. नागुहुरी, स. नागुहुरि; ब. स. गंभीरपुरे षई भण्यो.—

३८ ब. अणलवरे; ब. फलविधि, स. फलवधि; ब. स. आस्या; अ. खुडा.—

३९ अ. गुडीचे; ब. चूटणो, स. चुंतणो,—

४० ब. स. जालोर.—

४१ ब. जवाछ, स. जवाब; अ. कुकण; ब. स. कल्ली; ब. चउपट; ब. स. साउ.—

४२ ब. त्रिभुन.—

४३ अ. दाहीउडु.—

४५ ब. दुरजन, जेहर; ब. स. चोखंभु सामि, दीठ; ब. विसिठ, स. विसीठ.—

४६ ब. स. आमालेसर; तमोनिलंगाण; अ. उशीने.—

४७ ब. सिद्धपउरी, स. सिद्धपउरि; ब. राधनपुउरी, स. राधनपुउरी; अ. 'पारसनाथ' આ પાઠ નથી; अ. वंदी करी मागी; ब. बंद कर माग; स. बंदी कर माग.—

४८ ब. उनावंई, स. उनाऊई.—

५० ब. प्रमाणीक, तुम तणा; ब. स. सीत.—

५१ ब. संषेस्वरो.—

५२ ब. श्री संषेसर पासजी, स. संषेसर पासजी; अ. प्रमदयाल; स. भावद्रि.—

५३ अ. ब. सीव.—

५४ ब. स. रहर्णामित्यादि ॥; अ. असूरी असूरेशं, ब. अशुरी अशुरेसं; अ. सूरीसरेसं; ब. स.માં આ પાઠ નથી ब. स. मति मुगति; अ. लीला.—

५५ अ. ब. ऋषीकेश.—

५६ ब. स. उल्लासं; ब. स. चासं तनु; तेहनो दासं.—

५७ ब. जस ससीत; अ. तापं न न करी; ब. तापं तन करी, स. तापं तन करि; ब. कला २ पं.—

५८ ब. महि महोदय; ब. एकें वर्णना कुण कहे, स. एकें वर्णतां कुण कहें.—

५९ ब. लह लेषे; ब. संषेस्वरो.—

६० ब. स. तदा; अ. नीय नयणि; स. नीप्पन्न घणि; ब. रयण रासि, स. रयण राशि; अ. मानव नवी; ब. स. यदा.—

६१ अ. अनपाषे; ब. स. कापड चूपडा; ब. नि घर; ब. स. लहे.—

६२ अ. दाघ दीणा दया रसीणा; ब. सद्दढ.—

६३ ब. स. सायने, अ. षडे थातें; अ. प्रेमें मिले मंदिर परिकरो.—

६४ ब. स. अगनि झाला.—

६५ ब. स. विष डाल; अ. स. दोल; अ. बकावतो; ब. स. अतिकरालो.–

६६ ब. अति अवुटें; ब. स. धोता; ब. धिंगड, स. धींगड; અહીં સુધી સ. છે.–

६७ ब. नवि विहे; अ. ब. चारे.–

६८ ब. तिगालतुं; अ. ब. फीचन; अ. ब. लोचन.–

६९ ब. थाइ तुह.–

७० ब. काला भीम; पक्ष रंतडे; आथमें; समरण समें.–

७१ ब. हर शीत एकांत दुष्ट दुर्झ्झजर तृतीय; उतारणो.–

७२ अ. आछील; ब. आठील; ब. डीने.–

७३ ब. बुद्धि बल; सुगुरु; अ. प्राय पीतो, ब. याष प्रातें.–

७४ अ. होइ जन्म सुपूतृका, ब. होवे जस सभर्तृका; अ. नामनि दिधुं जीवीत होइ पुत्रीका, ब. नाम धारें होवे जीवत पुत्रीका; ब. षुत्र पामे.–

७५ ब. जे प्रेत; अ. मोगादिक; ब. जे ठंडी.–

७८ ब. नरस, तुरंग बांध्या.–

७९ ब. महोत्सव.–

८० ब. जेंजे वरति, मुज मुख.–

८१ ब. वाह्यो, साह्यो, सामी.–

८२ ब. संखेश्वर.–

८३ ब, वर्त्ति दीन्ने.–

८४ ब. कह्यो.—

८५ ब. कि ते तारी यरभादंती; भप्रावती.—

८६ अ. वइराग.—

८७ अ. आवे; ब. किं तुं षमासागर थई मन्न नागु —

८८ ब. सयल.—

८९ ब. रह्यो.—

९० ब. कि तें ते च्यार; कहू दये दलं बार; ब. दोय.—

९१ ब. वणगवली.—

९२ अ. ब. तृपति; अ. ब. नही; ब. रीद्धे; अनहद वाजीत्र दातुं;

अ. पान अमृत.—

९३ अ. गन्यांन; नीद्रायो; ब. हंस मोहं.—

९४ ब. वरा; अ. झुलीउ.—

९५ अ. અને ब. બન્ને પ્રતોમાં ત્રીજા અને ચોથા ચરણનો ક્રમ ઊલટો છે; ब. रायराय विवेक.—

९६ अ. निर्व्वृति, ब. निर्वृत्ति; अ. राज; ब. दुओ.—

९७ ब. सिघासनें सो; अ. ब. सोच; अ. तत्त्वनाचित तेहुं । ब. तत्त्वचिता तेहुं.—

९८ ब. मुहुरी कीधा; अ. सबरंग, ब. संबरें राग; हेजां जणाव्यो.—

९९ अ. नीशेष, ब. निसेष; अ. स्मकीत; अ. मिथ्यात; अ. गनांन हतलारे; ब. अज्ञानलारें.—

१०० अ. करी क्रोधादी; अ. सेहलथी, ब. सेलहत्थ

१०१ अ. परम पदवाद; ब. सुठध्यान; सुरगुरु; अ. ब. अमरष्य; अ. छद्यम, ब. छद्म; दोद्यो कि तें; अ. ब. सूध.—

१०२ ब. कि तूं श्रद्धि; अ. परिग्रण

१०३ अ. ब. विसन सातें.—

१०५ ब. पईरि; अ. भवन; गन्यांन, ब. ग्यांन; त्रोण्य.—

१०६ ब. सिह्यासने.—

१०७ ब. नरग; अ. भवी, ब. भवि; चतुरविध; ब. चउविहे.—

१०८ अ. अछैदो अबेदो.—

१०९ अ. ब. सीव; ब. गत्ति; अ. वीघ्नोप्रहारी.—

११० अ. सीधी; निरविकारो; ब. नीरातकनाथो.—

१११ अ. सीवो, ब. सिवो; अ. स्फूटिकशंकाश; ब. स्फुटिकशंकास; ब. परमब्रह्मो; अ.માં 'ब्रह्मो' શબ્દ પછી 'कि ते लोकउ भावो' આ વધારાનો પાઠ છે; ब. कि तु लोकावभासो,' તે પછી શૂન્ય જગ્યા, અને તે પછી अजिह्मो.—

११२ अ. प्रमेस्वरो.—

११३ अ. सरवदा उत्म, ब. सर्वदा उत्तम; अ. सर्वदसी; अजरा अमरो.—

११४ ब. मूर्त्ति च थापी; अ. परेशानो । ब. परम इसो; अ. परोभाणो, ब. परमभाणो; अ. परप्रांणो.—

११५ अ. अमृत सिधी, ब. पीयुष सिद्धि; अ. सदासीव, ब. सदासिव; अ. ब. संभु; अ. क्षेत्रप्रधीसो, ब. क्षेत्र પછીનો પાઠ લુપ્ત છે.–

११६ अ. ब. सहकलो; अ. निकलो, ब. निक्कलो.—

११७ अ. ब. प्रमहंसो; अ. व्योम आकार, ब. व्योम आकार; अ. रूपतृतियोमयो, ब. रूपतृतीयमयो.—

११८ अ. पमद्रष्टी, ब. परमद्रष्टी; ब. शांतानिद्धानो; अ. परम अक्षरो वक्तो, ब. परम अक्षरो अव्यक्तो.—

११९ अ. ब्रह्मदयेशो। ब. ब्रह्मद्वयेसो; अ. ब. देवोमयी.—

१२० अ. ब. तीर्थोमयो; अ. मनधेयोथ; ब. सोष्य —

१२२ अ. भक्ति, ब. भुक्त; अ. मया; ब. पदामावती, सहीय —

१२३ ब. क्षुद्र घटे; कि तुं स्तंभय २ क्षुद्र घट्टे; अ. दारीद्र चूरं, ब. दारीद्र दूरं.—

१२४ ब. मायाक्लिंकारयुक्तं; अर्हं सुषं दीइं जप्त.—

१२५ ब. तुज नाम; कहीनें वषाण्युं; ब.માં ત્રીજું ચરણ નિમ્નલિખિત છે—कि तुं तिण करी मुज सदा सफल जाणुं.—

१२६ ब. वीनव्यो, अ. बालू आबोल; मही प्रही.—

१२७ ब. भेटिइ भक्तने; दीजे.—

१२८ अ. कवीत षट्पद [कवीत्वानी][1]; ब.अथ षट्पद केवित्तानी–

१२९ अ. पार[2] (दास) गुण; वहके; कपुर; अ. करपुर; अषे.—

१३० अ. मंगल महिम पास छंद, ब. मंगल[3] दिवस छंद पास.—

१३१ अ. प्रहतिक्ष्य; ब. परतष्य; ब. संषेस्वर.—

१३२ ब. संषेस्वर; अ. रूद्र, ब. विरुद; ब. कामित; अ. पुरसोतम; अ. भाणू, ब. भाणु; अ. सीष्य.—

પુષ્પિકા—अ—इति श्री विविध छंदो निबंध श्री संखेस्वर पार्श्व-

---

१ આ શબ્દ કિનારી પર લખેલ છે.

२ 'पार' પછી 'सार' શબ્દ હરિતાલ દ્વારા આવર્યો છે; 'सार' કિનારી પર છે.

३ 'मंगल' પછી 'करण' હરિતાલ દ્વારા આવર્યો છે.

नाथ प्रबंद संपूर्णम् ॥ लषितं रिष गंगारांम संवत १८३६सा वष मतो चेत वदीं २ बुद्धे ॥

ब—इति श्री संषेस्वर पार्श्वनाथ मंत्रस्य सगर्भित छंद संपूर्ण लिषतं षेला मोजी चतरभज लपीकृतं श्री प्रतापदूर्गे संवति १८४४रा मृगसर वद ७ सोमे समाप्तिमगमत् श्रीरस्तु कल्याणमस्तु श्री श्री....

## २. त्रण सो पैंसठ पार्श्व-जिन-नाम-माला

३ श्री सामी चिंतामणि; उदति; सांमता; सघपूरि

४ पंचन्यल व छेक; पचफणो पाली पांचाल

५ मारंग; नागेंद्रह

७ मलीयाचल

९ होसोटे; चैत्र प्रवाडी

१० वधनीर; वाकानेर; करटालि

११ भटेर; तुहड जिन; भद्रेसर तुहर

१३ स्करावीय; विहरीय; बाहाधरपुरषा

१५ गगाहर

१६ तिमरी लगाणो; घालनेर

१८ दुषपूरण; थान; कणक कवोई

१९ कलपद्रूम

२० ध्याईतेजी; अमीबंद

२१ अहीछटो ऐरावण; चिंतामनि

२२ चक्रवृति; दागमालोलोजी

२३ श्रोपर

२४ पनंग

२५ सीहो भविया

२७ सगीस

३१ अतिवन

३२ विमलजिसेन;

અંતમાં:—इति त्रणि सि पांसठि पास जिननी माला बतोसी संपूर्ण:श्री

## ૩. વૃદ્ધ ચૈત્યવંદન

१ बिजी; वंदं; चंद्राप्रभ

२ सुविधिनाथ; प्रमसिउं

३ प्रसाद शाशता असासता; सिमंधर; अट्ठीआं; महामुनिसर

४ ऊजलगिरि; कुल्प पास; जोवत

६ चउगय; आं विहार; आं नित्य

७ निलणि; जिवत

८ देव दीठा;

અંતમાં :—इति वृद्धि चैत्यवंदन ॥संपूर्ण ॥

# (૩) સ્થાનો અને બિંબોની સૂચી[1]

**અકબરપુર** (ખંભાતનું એક પરું) પા. મા. ૩૧.

**અગ્યાર ફણો** (પા.) પા. મા. ૨૧.

**અજાહરૂ** (પા.) પા. છ. ૨૨.–(દીવ પાસેના ઊના ગામમાં; વિ. વિ. પૃ. ૮૬માં "અજ્જગૃહ"ના "નવનિધિ" પા. ઉલ્લિખિત છે, તે આ જ હશે.)

**અજોધ્યા** (પા.) પા. મા. ૨૦.–(વિ. વિ. પૃ. ૨૪માં ત્યાંની "પાસનાહવાડિયા" ઉલ્લિખિત છે; ત્યાંની પા. મૂર્તિ સેરીસા લઇ જવામાં આવી.)

**અંજનગિરિ** (પા.) પા. છ. ૪૨.–(શીલવિજયજી ૧૧૯. ૭૬ પ્રમાણે આ નામનું જૈન તીર્થ કાવેરી નદી પાસે હતું; પ્રેમીજી ૨૩૪ પ્રમાણે તે મલયાચલ ઉપર દુર્ગમાં હતું; પરંતુ ત્યાંના મૂલ નાયક શાન્તિનાથ અને અનંતનાથ હતા.)

**અંતરિક્ષ** (પા.) પા. છ. ૨૫; પા. મા. ૨૦.–[અંતરીક] (આકોલા પાસેના શ્રીપુર–આધુનિક સિરપુરનું પ્રસિદ્ધ બિંબ.)

**અંતરીક** = અંતરિક્ષ.

* **અભિજન** (પા.) પા. મા. ૨૧.

**અમીઝરો** (પા.) પા. છ. ૨૬; પા. મા. ૨૦ (આ નામનાં અનેક બિંબો પ્રસિદ્ધ છે.)

* **અમીબુંદ** (પા.) પા. મા. ૨૦.

* **અમૃતપૂરો** (પા.) પા. મા. ૨૧.

**અલવર** ("રાવણ પા.") પા. છ. ૩૮.–(તે આજે પણ ત્યાં પૂજાય છે.)

**અવંતિ** (પા.) પા. છ. ૩૫.–(ઉજ્જૈનમાં પ્રસિદ્ધ.)

**અશોક** (પા.?) પા. છ. ૩૮.–(વિ. વિ. પૃ. ૮૬ પ્રમાણે તે ચંપામાં હતા.)

**અષ્ટાપદ** પ્ર. ૪.

**અહિચ્છત્ર** (પા.) પા. છ. ૩૬; પા. મા. ૨૦.–(બરેલી જિલ્લામાં રામનગર પાસે આવેલા આ પ્રાચીન પા. તી.નું નામાન્તર "શિવાપુરી", "સિવનયરિ" હતું; તેના ઘણા ઉલ્લેખો મળે છે.)

**અહીછતો** = અહિચ્છત્ર.

---

૧. જે આંકડાઓની પાસે "પૃ." છાપેલું છે તે આંકડાઓ પૃષ્ઠોના, બાકીના પદ્યોના સમજવા; માત્ર પ્રા. તી. મા. સં.માંના દરેક ઉલ્લેખનો પહેલો આંકડો પૃષ્ઠનો અને બીજો પદ્યનો છે. જે નામોનો પત્તો નથી લાગ્યો તેની પાસે *ની નિશાની લગાવી છે.

**આણંદપુર** જુઓ આનંદપુર.

* **આણંદો** (પા.) પા. મા. ૨૦.–(જુઓ અષ્ટો. ૧૦૨ અને મેઘવિજય ૧૫૧. ૨૨.)

* **આણીઝૂ** (પા.) પા. છ. ૪૩.–(મૂલપાઠ કદાચિત્ આણીધુ હશે, કે જે નામ એક પા. તી.ના નામ તરીકે રત્નકુશલ ૧૭૦. ૧૮ અને શાંતિકુશલ ૧૯૯. ૧૬માં ઉલ્લિખિત છે.)

* **આણીધુ** જુઓ આણીઝૂ.

* **આતરી** (પા.) પા. મા. ૨૦.–(આ નામનું પાર્શ્વતીર્થ કલ્યાણસાગર ૭૧. ૧૯ [અંતરઇ] અને શાંતિકુશલ, પ્રત ૧૦ [અંતરે]માં ઉલ્લિખિત છે.–ગ્વાલિયર પાસેનું આંતરી ?]

**આનંદપુર** (પા.) પા. છ. ૨૮ [આનંદપૂરણે]; પા. મા. ૨૧ [આણંદપુર].—(દેવચંદ ૩૮. ૬–૮ અને મહિમા ૫૯.૧૦ પ્રમાણે તે શંત્રુજયની તલેટીમાં હતું; તે વડનગરનું નામાંતર છે.)

* **આનીવાડો** (પા.) પા. મા. ૨૧.—(મહિમા ૫૯ ૧માં 'આણવા' ગામ ઉલ્લિખિત છે જેમાં ૨ મંદિર હતાં; તે આ જ હશે.)

**આબુ** (પા.) પા. છ. ૪૪.—

* **આમ** (પા.) પા. મા. ૨૦.—(કદાચિત્ તે મેઘ ૫૦. ૩૦ અને મહિમા ૬૦ ૭માં ઉલ્લિખિત આબુ પાસેનું આમથલિ હશે.)

* **આમલેસર** (પા.) પા. છ. ૪૬.—(આ સ્થાન 'આનંદવિમલસુરિ રાસ' [ઐ. રા. સં. ભાગ ૩, ૧૨૪.૯૪] અને 'આબુ'ના શિલાલેખ નં. ૨૨૫ [પૃ. ૮૨]માં પણ ઉલ્લિખિત છે; પૂજ્યપાદ મુનિશ્રી જયંતવિજયજી મહારાજ આ આખરી સ્થાન પર આવું અનુમાન કરે છે કે તે કદાચ અંકલેશ્વર અથવા અમલસાડ હોય.)

**આરાસણો** (ત્યાંના 'ગુડી ચોપા'.) પા. છ. ૩૯.—(પ્રાચીન 'કુંભારિયા' તીર્થનું આ નામ પ્રસિદ્ધ છે; તે આબુ પાસે છે; ત્યાં આજે પણ ગોડી પા.નું મંદિર છે.)

* **આરીસો** (પા.) પા. મા. ૨૦

* **આવલા** (પા. પા. મા. ૨૪

* **આસણ** (પા.) પા. મા. ૨૧

**આસાફલી** (પા.) પા. છ. ૩૮ (?).—(અમદાવાદ-આસાવલી [આશાપલ્લી]ના પા. શાંતિકુશલ ૧૯૯. ૧૮માં અને સોમતિલકસૂરિના સ્તોત્રમાં [જુઓ ગાંધી, 'જિનપ્રભસૂરિ' પૃ. ૮૨] ઉલ્લિખિત છે.)

* **આહ્લણપુર** (ત્યાંના પા.) પા. મા. ૨૧

**ઇડર** (પા.) પા. છ. ૩૫

* **ઇંદોડો** (પા.) પા. મા. ૧૮.—(કદાચ આ મેઘવિજય ૧૫૨.૨૫માં ઉલ્લિખિત 'ઇલોર' અને શાંતિકુશલ [પ્રત ૧૯]માં ઉલ્લિખિત 'ઇંદ્રવાસ', અર્થાત્ આધુનિક એલોરા હોય)

**ઉજયંત** વૃ. ચૈ. ૪ (=ઉજ્જયંત)

**ઉજ્જયંત** (ગિરનારનું સુપ્રસિદ્ધ નામાંતર) જુઓ ઉજયંત

* **ઉડણો** (પા.) પા. મા. ૨૪

* **ઉડીચો** (પા.) પા. મા. ૨૪

**ઉનાઓ** (પા.) પા. છ. ૪૮.—(આ મહિમા ૬૧.૩માં ઉલ્લિખિત તીર્થ, અર્થાત્ પાટણની પાસે આવેલું આધુનિક ઉનાવા હોય.)

**ઉમરવાડી** (પા.) પા. છ. ૪૩.—(રત્નકુશલ ૧૭૦.૧૭ પ્રમાણે 'ઊંમરવાડીઉ' એક પાર્શ્વતીર્થ છે; શીલવિજય ૧૨૧. ૧૧૧માં તે જ નામ [ઉંબરવાડી] આવે છે; 'ઉમરવાડી પાર્શ્વનાથ' આજે સુરતમાં પૂજાય છે.)

**એકલ્લમલ્લ** (પા.) વૃ. ચૈ. ૬ (આ નામનાં અનેક બિંબો છે.)—

* **એલીચો** (પા.) પા. મા. ૨૩

* **એલોલી** (પા.) પા. મા. ૨૩

* **ઐરાવણ** (પા.) પા. મા. ૨૧.—(સરખાવો મૂલા. ૩ अवलई रावण)

**કંસાર** (ત્યાંના 'ભીડિભંજન પા.') પા. છ. ૨૨.—('સૂરીશ્વર અને સમ્રાટ' પૃ. ૨૧૪ નોટ પ્રમાણે ખંભાતથી ૧ માઇલ દૂર આવેલા કંસારીપુરમાં શ્રાવક કવિ ઋષભદાસના સમયમાં, અર્થાત્ સં. ૧૬૬૫થી ૧૬૮૫ના દરમ્યાન, ભીડિભંજન પા.ના મંદિરમાં ૨૨ બિંબ હતાં; ખંભાતના ખારવાડાના દેરાસરમાં જે 'કંસારી પાર્શ્વનાથ' હમણાં છે તે કદાચ કંસારીપુરથી આવેલા હોય. 'વિનયદેવસુરિ રાસ,' ઐ. રા. સં. ૩, પૃ. ૩૧. ૨૩૬ પણ જુઓ.)

* **કંઠોલી** (પા.) પા. મા. ૧૮

**કડી** (પા.) પા. છ. ૩૦—(શીલવિજય ૧૨૫.૧૫૯ 'કડી મહિસાણે નગરિ સાર આદિ વીર નિં પાસકુમાર'; કડી એક પા.તી. તરીકે શાંતિકુશલ ૧૯૯.૧૩માં પણ ઉલ્લિખિત છે; તે આધુનિક અમદાવાદ–પંચતીર્થીમાં આવેલું કડી હોય.) પા. મા. ૧૯માં આવેલ 'કડેસર' ત્યાંના પા. હશે

**કડેસર** (પા.) જુઓ 'કડી'

* **કંટેસજ** (પા.) પા. મા. ૧૯

* **કતબપુરી** (પા.) પા. મા. ૧૯

* **કનક** (પા.) પા. મા. ૧૮.—(सद्म. २ 'कनकगिरौ'; ७ कनकपुर)

* **કનડી** (પા.) પા. મા. ૧૮

**કબોઇ** (પા.) પા. મા. ૧૮.—(શાંતિકુશલ ૧૬૯.૯. રત્નકુશલ ૧૭૦. ૧૭ અને લલિતપ્રભસૂરિ, ઢાલ ૨૨ (પૃ. ૯૦, 'કંબોઇઈ સિરિપાસજી') પણ આ નામનું પા. તી. બતાવે છે; ચાણસમા પાસે કંબોઈ ગામ છે, અને પાટણમાં ઘીમાના પાડામાં 'કંબોઇયા પા.' વિદ્યમાન છે.)

* **કમલ** (પા.) પા. મા. ૧૯

**કરકડેસ** જુઓ કુર્કટેસરો.

* **કરંકુ** (પા.) પા. મા. ૧૯

**કરણપુર** (પા.) પા. મા. ૧૯.—(આ કર્ણાવતી જ હોય, કે જે અમદાવાદના પ્રાચીન નામ તરીકે પ્રસિદ્ધ છે.)

**કરહાટ** (પા.) પા. છ. ૩૫.—(આ 'કરેડા પા.'ના પ્રાચીન નામ તરીકે પ્રસિદ્ધ છે; ચિત્તોડ પાસે આવેલું તેનું મંદિર પેથડપુત્ર ઝાંઝણે—૭ ભૂમિવાળું શ્રીધર્મઘોષસૂરિની આજ્ઞાથી બંધાવ્યું હતું. જુઓ જૈ. સા. સં. ઇ. પરા ૫૮૨.)

**કલધરી** (પા.) જુઓ કલાધરો.

**કલાધરો** (પા.) પા. છ. ૨૬; પા. મા. ૧૯ [કલધરી].—સરખાવો મેઘવિજય ૫૪.૬૬ [કાલધરી ગામ], શીલવિજય ૧૦૫.૫૫ [કાલધરી]; આ આબુ પાસેનું આધુનિક કલાધર હોય.)

**કલારહુ** (પા.) પા. છ. ૨૬.—(મેઘવિજય ૧૫૦.૧૪ [કલ્હારઉ], રત્નકુશલ ૧૬૯. ૭ [કલ્હાર], અને જયવિજય ૧૩૩.૮ [કલ્હારો] પણ નામના પા. તી.નો ઉલ્લેખ કરે છે; જયવિજય પ્રમાણે તે ભરૂચની પાસે અથવા ભરૂચમાં જ હોવું જોઈએ.)

**કલાલો** (પા.) પા. મા. ૧૮ (=કલારહુ?)

**કલિકુંડ** (પા.) પા. છ. ૩૬; પા. મા. ૧૮ [કલીકુંડ].—('કલિકુંડ પા.' સાહિત્યમાં પ્રસિદ્ધ છે. જુઓ વિવિ. પૃ. ૨૬, ૬૫, ૮૬, ૧૦૬ આદિ; મૂલતીર્થ હૈદરાબાદ પાસેના પ્રાચીન કલકુણ્ડમાં હતું તેવો સંભવ છે; દેવચંદ ૪૨.૧૫ પાલીતાણામાંના 'કલિકુંડ પા.'ના બિંબનો ઉલ્લેખ કરે છે; બાકી તેના ઘણાય ઉલ્લેખો છે.)

**કલીકુંડ** જુઓ ઉ

**કલીકોટ** (પા.) પા. છ. ૪૧.—(શીલવિજય ૧૧૯.૭૭ પણ મલબાર પાસેનું જૈન તીર્થ 'કલિકોર' ઉલ્લિખિત કરે છે; જુઓ પ્રેમી ૨૩૪)

**કલપદ્રુમ** જુઓ કલ્પદ્રુમ.

* **કલ્પદ્રુમ** (પા.) પા. મા. ૧૯.—(વિવિ. પૃ. ૮૬ પ્રમાણે આ નામના પા. મથુરામાં હતા.)

**કાકણુ** (પા.) પા. મા. ૧૯.—(આ બિહાર પ્રાંતનું આધુનિક 'કાકન', પ્રાચીન काकंदी હશે, કે જે ચારિત્ર-વિહાર પૃ. ૧૮૪ અને વિજયસાગર ૧૦.૭માં પણ ઉલ્લિખિત છે.)

**કાપડીઓ** (પા.) પા. મા. ૧૯.—(આ જોધપુર સ્ટેટમાં પીપાડ પાસે આવેલ 'કાપેડા પા.' યા કાપરડાજીના 'સ્વયંભૂ પા.' હોઈ શકે. કાપરેડાના પા.નો ઉલ્લેખ મેઘવિજય ૧૫૧. ૨૧ અને મહિમા ૫૮. ૭માં પણ મળે છે.)

* **કાસમેરી** (પા.) પા. મા. ૧૮

* **કિલવાડિ** (પા.) પા. મા. ૨૦

* **કુકણુ** (પા.) પા. છ. ૪૧ પા. મા. ૧૯ [કુંકણુ].—(જુઓ મેઘ ૪૮. ૭, શીલવિજય ૧૨૧. ૧૧૦ અને ૧૨૨.૧૨૧; શીલવિજયજી વિશેષતઃ કુંકણના પા.નું નામ લે છે.)

**કુંકણુ** જુઓ કુકણુ.

* **કુંકમરોલ** (પા.) પા. મા. ૨૦.—(તેનું નામ શાંતિકુશલ ૧૯૮. ૭ અને મેઘવિજય ૧૫૦. ૯ પણ લે છે; મૂલ બિંબ કદાચ પહેલાં નાથદ્વાર પાસેના કાંકરોલીમાં હોય કે જ્યાં લગભગ ૩૦ વર્ષ પહેલાં એક જૈનમંદિર હતું. જુઓ મુનિ વિદ્યાવિજય, 'મેવાડયાત્રા' પૃ. ૫૨.)

* **કુંજર** (પા.) પા. મા. ૧૯ (કદાચ તે અષ્ટો. ૪૧ અને ૬૬ અને મૂલા. ૮. ૨માં ઉલ્લિખિત 'કુંજરાવત્તો' સાથે સંબંધ રાખે.)

* **કુંડણુ** (પા.) પા. મા. ૧૯ (=ભોપાવર?)

* **કુંભપુર** (પા.) પા. મા. ૧૯ (=કુંભારિયા અથવા કુંભલમેર?)

* **કુંભલમેર** (પા) પા. છ. ૪૫, તી. ચૈ. ૬.—(ઇતિહાસપ્રસિદ્ધ કુંભલમેરનો કિલ્લો આજે પણ મેવાડમાં ઘાણેરાવ પાસે વિદ્યમાન છે; તેના ઘણાય ઉલ્લેખો મળે છે. જુઓ 'આબુ' ૨, લેખ નં. ૪૬૭, ૪૭૫, ૪૯૩ અને પૃ. ૫૦૮, ૫૧૫, ૫૨૪ની નોંધો ઇત્યાદિ.)

**કુંભારિયા** જુઓ 'આરાસણ'.

**કુર્કુતેસરો** (પા.) પા. છ. ૩૬; પા. મા. ૧૯ [કરકટેસ].—(સરખાવો વિવિ. પૃ. ૨૬ અને ૮૬ 'कुक्कुटेश्वरे विश्वगजः' [પાર્શ્વતીર્થ] અને પૃ. ૧૦૬; મૂલ તીર્થ મંદસોર પાસેનું કુકડેશ્વર હોય; ભાવદેવસૂરિ ૬. ૧૬૭ અને હેમ-વિજય ૫. ૨૬૬ પણ તેનું નામ લે છે; પાછળના સાહિત્યમાં ઘણા ઉલ્લેખો

મળે છે; જુઓ કલ્યાણસાગર ૭૧. ૧૬, મેઘવિજય ૧૫૧. ૨૩, શાંતિકુશલ ૧૯૮. ૬, શીલવિજય ૧૧૨. ૪૭.)

**કુલ્લપાક** (પા.) વૃ. ચૈ. ૪.—(રત્નકુશલ ૧૬૯. ૭ પણ આ પ્રસિદ્ધ તીર્થ ઉલ્લિખિત કરે છે.)

* **કુસલપુર** (પા.) પા. મા. ૧૯.—(ઝઘુઆ પાસેનું કુસલગઢ ?)

**કેશ્રીજી** (પા.) જુઓ કેસરિયો.

**કેસરિયો** (પા.) પા. છ. ૨૨ (?); પા. મા. ૧૮.—[કેશ્રીજી].—('કેસરીયા પા.' અનેક જગ્યાએ છે.)

**કોકુ** (પા.) પા. છ. ૨૯.—(વિવિ. પૃ. ૭૭. પ્રમાણે અણહિલવાડ પાટણમાં એક 'કોકઓ' નામના સેઠે 'કોકાવસહિ' નામનું મંદિર બંધાવ્યું હતું; તે નષ્ટ થયું હતું; તેમાંની પા. મૂર્તિના સ્થાને જે નવીન મૂર્તિ રાખવામાં આવી હતી, તેનું નામ 'કોકાપાસ' થયું; આજે પણ કોકા પા. પાટણમાં જ છે; તેના ઘણા ઉલ્લેખો મળે છે.)

* **કોટી** (પા.) પા. મા. ૨૦.—(કદાચ તે વિવિ. પૃ. ૮૬ની કોટિભૂમિ યા કોટિશિલા સિદ્ધિક્ષેત્ર સાથે સંબંધ રાખે છે.)

* **કોરો** (પા.) પા. મા. ૨૩

* **કોઠારો** (પા.) પા. મા. ૧૮

**કોરડો** (પા.) પા. મા. ૨૦.—(સિરોહી પાસેનું પ્રસિદ્ધ કોરટા તીર્થ કે જે અષ્ટો. ૭૭, મૂલા. ૮. ૫ આદિ પ્રાચીન સાહિત્યમાં પણ ઉલ્લિખિત છે; જુઓ 'શ્રીકોરટાજી તીર્થકા ઇતિહાસ'.)

* **કોલીયાલી** (પા.) પા. મા. ૧૯

* **કોલીયો** (પા.) પા. મા. ૧૯

**ખંભાત** (પા.) પા. છ. ૨૧.—જુઓ 'થંભણો', 'કંસારિ', 'ત્રંબાવતી', 'થંભણપુર'.

**ખરહડી** (પા.) પા. મા. ૧૫અ [ખરહડી].—(આ આબુ પાસેનું ખરહડી યા ખરાડી હોય.)

* **ખસખસ** (પા.) પા. મા. ૧૫અ [પસપસ]

* **ખાતુ** (પા.) પા. છ. ૨૮.—(રત્નકુશલ ૧૭૦. ૧૮ પણ 'પાતો પારસનાથ'નું નામ લે છે; મૂલ નાયક મહેસાણા પાસેના ખાતો ગામના હોય.)

**ખાસ** (પા.) પા. મા. ૧૫અ

**ખીમો** (પા.) પા. મા. ૧૫અ

**ખુડાવલી** (પા. ?) પા. છ. ૩૮.—(કાલના સ્ટેશન પાસેનું ખુદાલા હશે.)

**ખેડકર** (પા.) પા. મા. ૧૫બ

**ખેટલવસહી** (પા.) પા. મા. ૧૫બ.–(મેઘવિજય ૧૫૦. ૧૩માં પણ 'ખેતલવસહી'નો ઉલ્લેખ છે; પાટણમાં ખેતલવસહીનો પાડો તેની યાદ કરાવે છે.)

**ખેમકર** (પા.?) પા. મા. ૧૪ ડ

**ખવડીયો** (પા.) પા. મા. ૧૪ ડ

* **ગગાહર** (પા.) પા. મા. ૧૫ સ.—(બીકાનેર પાસેનું ગંગાસર?)

* **ગજ** (પા.) પા. મા. ૧૬અ.—(વિવિ. પૃ. ૮૬ 'कुक्कुटेश्वरे ऽश्वगजः'!)

* **ગજગપુર** (પા.) પા. મા. ૧૫બ.—(આ અષ્ટો. ૪૧ અને ૪૯ તથા મૂલા. ૮. ૧ના 'गयअग्गपय' સાથે સંબન્ધ રાખતું હોય; આ તીર્થ અષ્ટો. પ્રમાણે दशार्णकूट પર્વત પર હતું, અને વિવિ. પૃ. ૭૮ પ્રમાણે આ 'दसण्ण-पव्वय' મગધમાં कोटिशिला પાસે હતું.)

**ગંભીરો** (પા.) પા. છ. ૩૭.—('ગંભીરા પા.' આજે પણ પાટણ પાસેના ગાંભુ ગામમાં છે)

* **ગહુઆલો** (પા.) પા. મા. ૧૫સ

**ગાડરી** (પા.) પા. મા. ૧૫સ; પા. છ. ૩૧ [ગારલ્લીઉ].—(આ દેવ 'ગાડરીયા પા.' તરીકે કલ્યાણસાગર ૭૦. ૩, મેઘવિજય ૧૫૦. ૧૫, શાંતિકુશલ ૧૯૯. ૧૭, જયવિમલ ૧૩૪. ૧૬, અને 'ગારડીયા પા.' તરીકે રત્નકુશલ ૧૭૦. ૧૫માં ઉલ્લિખિત છે; તે માંડલના આધુનિક 'ગાદલીયા પા.' હશે)

**ગારલ્લીઉ** (પા.) જુઓ 'ગાડરી'

**ગિરિપુરો** (પા.) પા. છ. ૩૭.—(ઐ. રા. સં ભાગ ૧, પ્રસ્તાવના પૃ. [૩૦]માં પૂજ્ય વિજયધર્મસૂરીશ્વરજી બતાવે છે કે 'ગિરિપુર' આ ડુંગરપુરનું નામાંતર જ છે; વિ. સં. ૧૫૨૫માંના એક શિલાલેખમાં પણ ત્યાંના પા.નો ઉલ્લેખ છે; સાહિત્યમાં તેના ઘણા ઉલ્લેખો છે)

**ગુડીચો** (પા.) પા. છ. ૩૧ ['ગુડીચુરાય'], ૩૯ ['ગુડીચો'].—(= ગોડીચો); જુઓ 'પારકર' અને 'ગોડી')

**ગુલવાડીઉ** (પા.) પા. છ. ૪૬

**ગોડી** (પા.) વૃ. ચૈ. ૫.—(આ પ્રસિદ્ધ પા.નાં ઘણાં બિંબો છે; તેનો ઉલ્લેખ શીલવિજય ૧૦૩. ૨૨ [સિંધદેશમાં]માં પણ છે; 'ગુડીચો' અને 'પારકર' પણ જુઓ.

* **ગોદડીઉ** (પા.) પા. છ. ૪૪

**ગોપાવલુ** (પા.) પા. મા. ૧૫ડ.—(જુઓ 'ગ્વાલેર')

* **ગોમટ** (પા.) પા. મા. ૧૫

* **ગોમુખ** (પા.) પા. મા. ૧૫ડ [ગોમુપ]

* **ગોષાસ** (પા.) પા. મા. ૧૫સ

**ગ્વાલેર** (પા.) પા. છ. ૪૦.—(=ગ્વાલિયર કે જ્યાંનાં બિંબો સુપ્રસિદ્ધ છે; 'ગોપાવલ્લ' પણ જુઓ.)

**ઘીયો** (પા.) પા. મા. ૧૫ડ.-(પાટણમાં આવેલા ઘીયાના પાડામાં તે આજે પણ પૂજાય છે)

**ઘુમલી** (પા.) પા. મા. ૧૫ડ.-(કાઠિયાવાડમાં આજે પણ ઘૂમલીના ખંડિયેર વિદ્યમાન છે, તેમાં પ્રાચીન મંદિરોના પણ અવશેષો દેખાય છે)

**ઘૂઘા** (પા.) જુઓ ઘોઘા

**ઘૃતકલ્લોલ** (પા.) પા. છ. ૩૦; પા. મા. [ઘ્રીતકલ્લોલ].—(શાંતિકુશલ ૧૯૮. ૭ સિંધના કોડાના ઘૃતકલ્લોલ પા.નો ઉલ્લેખ કરે છે; પછી તેની પ્રતિમા સુથરીમાં સ્થાપિત થઈ કે જ્યાં તે આજે પણ વિદ્યમાન છે; મેઘવિજય ૧૫૧. ૨૧, રત્નકુશલ ૧૭૦. ૧૦ પણ તેનું નામ લે છે.)

**ઘોઘા** (પા.) પા. છ. ૨૩ ['ઘૂધે...પાસ નવ્વખંડઇ'] અને વૃ. ચૈ. ૪ ['ઘોઘે નવખંડ...પાસ'].—(કાઠિયાવાડમાં—પૂર્વકાલમાં સમુદ્રના કિનારે જ આવેલા-ઘોઘાના નવખંડ પા.ના ઘણા ઉલ્લેખો છે; તે આજે પણ ત્યાં પૂજાય છે)

**ઘ્રીતકલ્લોલ** જુઓ 'ઘૃતકલ્લોલ'.

* **ચઉખંભો** (પા.) પા. છ. ૪૫

* **ચઉમુખ** જુઓ ચોમુખ.

* **ચક્રવર્તી** (પા.) પા. મા. ૨૨ બ

* **ચંદન** (પા.) પા. મા. ૨૧ડ

**ચંદેરી** (પા.) પા. મા. ૨૨બ.—(આ ગવાલિયર સ્ટેટમાં લલિતપુર સ્ટેશન પાસેના ચંદેરી સાથે સંબંધ રાખતું હોય કે જ્યાં પ્રાચીન જૈન મંદિરો અને મૂર્તિઓના ઘણા અવશેષો મળે છે.)

**ચંદ્રપુરી** (પા.) પા. મા. ૨૨અ-(=ચન્દ્રાવતી, અર્થાત્ રાધનપુર પાસે આવેલું આધુનિક "ચંદુર"?)

***ચંદ્રષેણ** (પા.) પા.મા. ૧સ.-(=કચ્છના રાપરમાં વિદ્યમાન"ચંદ્ર પા."?)

**ચંદ્રોડા** (પા.) પા. મા. ૨૨અ-(માલેગાંવ અને નાસિકની વચમાં ચાંદવડ ગામ પાસે આવેલું ચંદ્રોડા, કે જ્યાંની એક ગુફામાં એક જિન મૂર્તિ હોવાનું કહેવાય છે.)

* **ચમીન** (પા.) પા. મા. ૨૨ અ

**ચાંપાનેર** (પા.) પા. મા. ૨૨ અ-(પાવાગઢ પાસેનું સુપ્રસિદ્ધ તીર્થ કે જ્યાંના "કલ્યાણ પાર્શ્વનાથ" વડોદરામાં લાવવામાં આવ્યા છે; મૂલ સ્થાન આજે દિગંબર તીર્થ છે.)

**ચારૂપ** (પા.) પા. છ. ૩૦, પા. મા. ૨૧.-(અણહિલવાડ પાટણ પાસેના ચારૂપમાં "સામલાજી પા." આજે પણ પૂજાય છે; તે સ્થાન ને વિશે જુઓ "આબુ" ૨, લેખ નં. ૩૫૨ અને પૃ. ૪૪૫ની નોંધ; ભાવદેવ-સૂરિ પણ આ સ્થાનનો ઉલ્લેખ કરે છે ('પ્રશસ્તિ'૧૭)

* **ચાવોલો** (પા.) પા. મા. ૨૧ ડ

**ચિત્રકોટ** વૃ. ચૈ. ૭.-(=મેવાડનું પ્રસિદ્ધ ચિત્રકૂટ, કે જે એક જૈન તીર્થ તરીકે પ્રાચીન સાહિત્યમાં વારંવાર ઉલ્લિખિત છે, આધુનિક ચિત્તોડ; જુઓ શાંતિકુશલ ૧૯૯. ૧૮, કે જ્યાં તે પાર્શ્વ. તીર્થોની સૂચીમાં છે. અષ્ટો. ૯૧ ["ચિત્તઉડ" યા "મુગ્ગલગિરિ"]).-ચિત્રોડો પણ જુઓ.

**ચિંતામણિ** (પા.) પા. છ. ૩૩; પા. મા. ૨૧ સ.-(આ નામનાં ત્રણાંય પા. બિંબો ઉલ્લિખિત છે; પા. છ. બીબીપુરનું મૂલ પા. બિંબ સૂચિત કરે છે; જુઓ "બીબીપુર".)

* **ચીચલીય** (પા.) પા. મા. ૨૨ અ.—(સરખાવો શાંતિકુશલ ૧૯૯. ૧૨ [છેછલીંઇ, પ્રતમાં ચેચલિય])

**ચીત્રોડો** (પા.) પા. મા. ૨૧ સ.—(મેઘ ૫૫. ૭૬માં પણ તે ઉલ્લિખિત છે, કે જે પ્રમાણે તે મેવાડમાં છે, એટલે તે ચિત્રકૂટ હોય).—જુઓ ચિત્રકૂટ.

* **ચુપટ્ટમલ્લ** (પા.) પા. છ. ૪૧; પા. મા. ૨૧ સ.—[ચોપટમલિ]-(સરખાવો શીલવિજય ૧૨૨. ૧૧૫.)

**ચેલણ** (પા.) પા. મા. ૨૧ ડ.—(સરખાવો શાંતિકુશલ ૧૯૯. ૧૫, કલ્યાણસાગર ૭૨. ૨૬, મેઘવિજય ૧૫૧. ૨૧ અને વિવિ. પૃ. ૮૧, કે જે ચારે ગ્રન્થોમાં આ બિંબ ઉલ્લિખિત છે; શ્રીજિનપ્રભસૂરિ પ્રમાણે આ નામની પ્રતિમા "પારેત જનપદ"ના જંગલમાં ચર્મણ્વતી નદી પાસે આવેલી "હિંપુરી" [પ્રાચીન "સિંહગુહાપલ્લી"]માં હતી; આ મેવાડમાં આવેલા "ચેલ્લણ પા."નું તીર્થ હશે.)

